RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 31* Date: 20.11.2022, Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# જેલમાં મસાજની મજા માણતા કેજરીવાલના મંત્રીનો વીડિયો વાયરલ!

## ભાજપે સત્યેન્દ્ર જૈનની બીમારીની મજાક ઉડાવી છે : આપ

નવીદિલ્હી,તા.૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને પગલે હાલ શિયાળાની સિઝનમાં પણ માહોલ ગરમ થઈ ગયો છે. નેતાઓની આક્ષેપબાજીને કારણે હાલ માહોલ તંગ બન્યો છે. એમાંય ગુજરાતની ચૂંટણીની અસર દેશભરમાં જોવા મળી રહી છે. ત્યારે આ સ્થિતિમાં કેજરીવાલના પૂર્વ મંત્રી જેલમાં વીઆઈપી ટ્રીટમેન્ટ લેતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં ભાજપે પોસ્ટ કરી પર્દાફાશ કર્યો છે. આ વીડિયો સામે આવતાની સાથે જ આમ આદમી પાર્ટીના નેતાઓ અચંભિત થઈ ગયા છે. ઉલ્લેખનીય છેકે, આવક કરતાં વધુ સંપત્તિ અને મની લોન્ડરિંગના કેસમાં તિહાર જેલમાં બંધ દિલ્હી સરકારના આરોગ્યમંત્રી સત્યેન્દ્ર જૈન ફરી વિવાદમાં આવ્યા છે. ભાજપના પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ પોસ્ટ કરેલા વીડિયોમાં સત્યેન્દ્ર જૈન જેલમાં મસાજ કરાવતા જોવા મળે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈઢએ કોર્ટમાં એફિડેવિટ અને કેટલાક ફોટોગ્રાફ્સ આપીને આ અંગે ફરિયાદ પણ કરી હતી.

દિલ્હીની તિહાર જેલમાંથી સત્યેન્દ્ર જૈનના કુલ ત્રણ વીડિયો સામે આવ્યા છે. આને સીસીટીવી ફૂટેજ તરીકે વર્ણવવામાં આવ્યા છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે એક વ્યક્તિ સત્યેન્દ્ર જૈનના પગ, માથા અને શરીર પર મસાજ કરાવી રહ્યા છે. ઈડીએ થોડા સમય પહેલાં એવો પણ આરોપ લગાવ્યો હતો કે સત્યેન્દ્ર જૈનને તિહાર જેલમાં ફફૈં ટ્રીટમેન્ટ મળી રહી છે. આ વીડિયો સપ્ટેમ્બર મહિનાનો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.



પ્રથમ વીડિયો, ૧૩ સપ્ટેમ્બરનો આ વીડિયો ૩૬ સેકન્ડનો છે, જેમાં સફેદ ટી-શર્ટ પહેરેલી એક વ્યક્તિ મંત્રીના પગની માલિશ કરી રહી છે. પલંગ પર પડેલા સત્યેન્દ્ર જૈન કેટલાક કાગળો જોઈ રહ્યા છે. તેમની બાજુમાં રહેલા ઓશીકા પર રિમોટ પડેલું છે. તેમના રૂમમાં મિનરલ વોટરની બોટલો પણ દેખાય છે.

બીજો વીડિયો, ૧૪ સપ્ટેમ્બરનો આ વીડિયો ૨૬ સેકન્ડનો છે. આમાં સત્યેન્દ્ર જૈન પલંગ પર આરામથી સૂઈ રહ્યા છે અને એક માણસ તેમના પગ દબાવી રહ્યો છે. તેમના રૂમમાં ખુરસી પર અખબાર કે મેગેઝિન પણ દેખાય છે

ત્રીજો વીડિયો, ૧૪ સપ્ટેમ્બરનો આ વીડિયો પણ ૨૬ સેકન્ડનો છે. આમાં સત્યેન્દ્ર જૈન ખુરસી પર બેઠા છે અને એક વ્યક્તિ તેમના માથામાં માલિશ કરી રહી છે. રૂમમાં એક જોડી બૂટ અને ચંપલની જોડી દેખાય છે. તેમના પલંગ પર રિમોટ પણ દેખાય છે. ઈડીએ કહ્યું હતું કે સત્યેન્દ્ર જૈનને તિહાર જેલમાં ઘણી સુવિધાઓ મળી રહી છે. જેલના સીસીટીવી ફૂટેજમાં તેઓ બેક એન્ડ ફૂટ મસાજ કરાવતા જોવા મળે છે. જેલ સુપરિન્ટેન્ડન્ટ નિયમોની વિરુદ્ધ જઈને સત્યેન્દ્ર જૈનને મળે છે, તેઓ તેમને પૂછવા જાય છે કે મંત્રીને જેલમાં કોઈ સમસ્યા છે કે કેમ. ઈડીએ કહ્યું હતું કે કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને સત્યેન્દ્ર જૈન માટે દરરોજ તેમના ઘરેથી ભોજન મગાવવામાં આવે છે.

તેમની પત્ની પૂનમ જૈન અવારનવાર સેલમાં તેમની મુલાકાત લે છે, જે ખોટું છે. તે કેસના અન્ય આરોપીઓ સાથે કલાકો સુધી તેની સેલમાં બેઠકો કરે છે. સત્યેન્દ્ર જૈન જેલમંત્રી હોવાનો ખોટો ફાયદો ઉઠાવી રહ્યા છે.

જો કે તિહાર પ્રશાસને કહ્યું હતું કે ઈડીએ આપ નેતા સત્યેન્દ્ર જૈનના સેલ અને વોર્ડના સીસીટીવી ફૂટેજ માગ્યા હતા, જે એજન્સીને આપવામાં આવ્યા છે. સત્યેન્દ્ર જૈનના સેલમાં બહારથી કોઈ આવતું નથી. સવારે, જ્યારે કેદીઓની ગણતરી માટે સેલ ખૂલે છે ત્યારે વોર્ડમાં હાજર તમામ કેદીઓ એકબીજા સાથે વાત કરી શકે છે. દરમિયાન સત્યેન્દ્ર કેસ બીજા આરોપીઓ સાથે મીટિંગ કરે છે. જેલ પ્રશાસને સેલમાં કોઈપણ પ્રકારનું ઈલેક્ટ્રોનિક ગેજેટ હોવાનો ઈનકાર કર્યો છે. તિહાર જેલના બેરેક નંબર ૭ના સુપરિન્ટેન્ડન્ટ અજિત કુમારને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આમ, આદમી પાર્ટી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈનને વીવીઆઈ ટ્રીટમેન્ટ આપવા અને જેલમાં બંધ ઠગ સુકેશ ચંદ્રશેખરને ધમકી આપવા બદલ કુમાર વિરુદ્ધ આ કાર્યવાહી કરવામાં આવી છે.

દરમિયાન સત્યેન્દ્ર જૈનના મસાજ વીડિયોને લઈને આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે ઝઘડો શરૂ થઈ ગયો છે. ભાજપ અને આપએ એકબીજા પર ગંભીર આરોપો લગાવ્યા છે. દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ કહ્યું કે ભાજપે સત્યેન્દ્ર જૈનની બીમારીની મજાક ઉડાવી છે. ભાજપ ગુજરાત વિધાનસભાની ચૂંટણી અને એમસીડીની ચૂંટણી હારી રહી છે, તેથી જ તે મુદ્દાઓથી હટી જવાનો પ્રયાસ કરી રહી છે.

ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કહ્યું કે આપ આજે મસાજ પાર્ટી બની ગઈ છે. ધર્માંધ ઈમાનદાર, કટ્ટર બેઈમાનને મસાજ આપે છે. કાયદાનું ઉલ્લંઘન થયું છે. કેજરીવાલે હજુ સુધી આ મસાજ મંત્રીને મંત્રી પદ પરથી હટાવ્યા નથી. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ માટે પોતાના લોકો માટે કોઈ કાયદો મહત્વનો નથી. આ વીડિયો તેનું જીવંત ઉદાહરણ છે. કેજરીવાલે બહાર આવીને જણાવવું જોઈએ કે તેઓ શા માટે મસાજ આપી રહ્યા છે.ગૌરવ ભાટિયાએ કહ્યું કે જેલમાં કેદીનો ડ્રેસ હોય છે પણ સત્યેન્દ્ર જૈન ટી-શર્ટમાં કેમ છે? સત્યેન્દ્ર જૈન આરામથી સૂઈ રહ્યો છે અને મસાજ કરાવી રહ્યો છે. સુકેશના નામે તિહાર જેલની અંદર ખંડણી પણ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે સવાલ એ થાય છે કે શું કેજરીવાલ પોતે ભ્રષ્ટાચારમાં સામેલ છે. એવું લાગે છે કે ભ્રષ્ટાચારની તિજોરીનો પાસવર્ડ સત્યેન્દ્ર જૈન પાસે છે. રહસ્ય બહાર ન આવે તે માટે વીઆઈપીઁ સુવિધા આપવામાં આવી રહી છે.

ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટીએ સત્યેન્દ્ર જૈનને છેલ્લા ૬ મહિનાથી જેલમાં રાખ્યા છે. રોગની સારવારના સીસીટીવી ફૂટેજ તેમની બીમારીની મજાક ઉડાવી રહ્યા છે. ભાજપ સિવાય અન્ય કોઈ પક્ષ આ કરશે નહીં. વડાપ્રધાનથી લઈને સામાન્ય માણસ સુધી દરેક વ્યક્તિ બીમાર પડી શકે છે. જેલમાં પડી જતાં સત્યેન્દ્ર જૈનને ઈજા થઈ હતી. તેના બે ઓપરેશન થયા છે. ડૉક્ટરે લખ્યું છે કે તેને નિયમિત ફિઝિયોથેરાપીની જરૂર છે.

મનીષ સિસોદિયાએ કહ્યું કે ભાજપના લોકોમાં માનવતા બાકી નથી. ક્યારેક કોર્ટ બદલાય છે તો ક્યારેક વકીલો બદલાય છે. કોઈપણ જેલનો વિડિયો લો, ત્યાં કોઈ દર્દી ફિઝિયોથેરાપી કરાવતો હોવો જોઈએ. કોર્ટે વિડિયો જાહેર ન કરવાની સૂચના આપી હતી, તેનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

## યુપી ચુંટણીના ઉમેદવાર બે ટ્રક ભરી મરઘા લાવ્યા અને મતદારોને મફતમાં આપી દીધા

શામલી,તા.૧૯

ઉત્તરપ્રદેશમાં યોજાનાર આગામી નગર નિગમ ચુંટણીના એક ઉમેદવારે મતદારોને લલચાવવા માટે બે ટ્રક ચિકન વિતરીત કર્યું હતું મોહમ્મદ ઈસ્લામ એક પૂર્વ નગરપાલિકાના અધ્યક્ષ છે. તેમણે ઓપચારિક રીતે ચુંટણીની જાહેરાત પહેલા જ આમ કર્યું ઘટનાની વીડિયો સોશલ મીડિયા પર વાયરલ થઇ ગયો છે.આ મામલો શામલીના એક કાંધલા ગામનો છે વાયરલ વીડિયોમાં સેંકડો લોકોને જીવતા મરઘાથી લદાયેલ એક ટ્રક તરફ ભાગતા જોઇ શકાય છે લોકો ઘરે પરત ફરતા રહેલા વધુમાં વધુ મરઘા પકડવાનો પ્રયાસ કરતા નજરે પડી રહ્યાં છે.પહેલી ટ્રકને તાકિદે ખાલી કરી નાખવામાં આવી અને ખુબ લોકોનું ઝુંડ આવવા પર ઉમેદવારોએ બાકીના લોકોને એક લાઇનમાં ઉભા કરી દીધા અને બીજી ટ્રકમાં મરઘા લઇને આવ્યા અને મરઘાને એક વ્યવસ્થિત રીતે વિતરિત કરવામાં આવ્યા

જો કે ઇસ્લામે એ વાતનો ઇન્કાર કર્યો કે તે મતદારોને લલચાવવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં અને કહ્યું કે આ લોકોએ મને ૨૦૧૨-૧૭ દરમિયાન અધ્યક્ષ બનાવ્યો હતો આ તેમનો આભાર માનવાનો વિનમ્ર પધ્ધતિ છે.પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર ચુંટણી પંચે જાહેરનામુ જારી કર્યું નથી આથી આ મામલો આદર્શ આચર સંહિતાનો ભંગનો બની શકે તેમ નથી

જો કે શામલીના એસપી અભિષેકે સ્થાનિક પોલીસને મામલાની તપાસ કરી અને તે અનુસાર કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.બાદમાં કાંધલા પોલીસ સ્ટેશનના એસએચઓ શ્યામવીર સિંહે કહ્યું કે પોલીસે તેમની વિરૂધ્ધ પોલીસ અધિનિયમની કલમ ૩૪ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.આ કલમ હેઠળ કોઇ મામલો દાખલ કરવામાં આવતો નથી અને અપરાધીની વિરૂધ્ધ ફકત ચાલાન જારી કરી શકાય છે.

મોહમ્મદ ઇસ્લામ વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધી અધ્યક્ષ રહી ચુકયા છે અને આ વખતે પણ પોતાની દાવેદારી રજુ કરી રહ્યાં છે.તેમણે એક ટ્રક ભરી મરઘા મોકલ્યા જેને જોઇ લોકો લાઇનમાં લાગી ગયા હતાં લગભગ એક કલાક સુધી મરઘા વિતરીત કરવામાં આવ્યા હતાં જે લોકો લાઇનમાં હતાં અને તેમને મરઘા ન મળ્યા તે લોકોને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે આગામી વખતે તેમને પણ મરઘા આપવામાં આવશે

## શિરડીના સાંઈ બાબા મંદિરમાં ૧ વર્ષમાં જ ભક્તોએ ૩૯૮ કરોડ રૂપિયાનું દાન આપ્યું

શિરડી,તા.૧૯

મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના શિરડીના સાંઈ બાબા મંદિરમાં ભક્તોએ બાબાના ચરણોમાં ૩૯૮ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. આ ચમત્કાર માત્ર એક વર્ષમાં થયો છે. કોરોના કાળના પ્રતિબંધો હટાવ્યા બાદ સાંઈ બાબાના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રના શિરડી સાંઈ મંદિરમાં વધતી ભીડ આ વાતની સાક્ષી છે. બાબા બોલાવે ત્યારે જ ભક્તો શિરડી જાય છે. એવું લાગે છે કે શિરડીના સાંઈ બાબા તેમના ભક્તો પર તેમના આશીર્વાદ વરસાવવા માટે આતુર છે અને ભક્તો તેમને ભેટ ધરવા માટે આતુર છે.ગયા વર્ષે, મહારાષ્ટ્રમાં ગુઢીપડવાના તહેવારના દિવસે, તમામ ધાર્મિક સ્થળો શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યા હતા.



ભક્તોએ પણ બાબાના દરવાજે તેમની કૃપાથી ભરેલી ઝોલી ઠલકાવવા માટે પોતાની તિજોરીના દરવાજા પણ ખોલ્યા છે. છેલ્લા ૧૩ મહિનામાં ભક્તોએ બાબાના ચરણોમાં ૩૯૮ કરોડનું દાન કર્યું છે. જો કોરોના સમયગાળા સાથે સરખામણી કરવામાં આવે તો સાંઈના ચરણોમાં ૯૨ કરોડ રૂપિયા અર્પણ કરવામાં આવ્યા હતા.

કોરોનાના સમયગાળા દરમિયાન, શિરડીમાં સાંઈ બાબાના મંદિરના દરવાજા દોઢ વર્ષ સુધી બંધ રહ્યા હતા. ગયા વર્ષે તત્કાલિન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ગુડી પડવાના દિવસે તમામ ધર્મોના પ્રાર્થના સ્થળોના દરવાજા ખોલવાનો આદેશ આપ્યો હતો. ત્યારપછી સાંઈ બાબાના દર્શન કરવા લાગતા ભક્તોની સંખ્યા વધતી જ ગઈ. છેલ્લા ૧૩ મહિનામાં લગભગ ૧.૫ કરોડ ભક્તોએ બાબાના દર્શન કર્યા છે અને બાબાની કૃપાથી પોતાના ખિસ્સા ભર્યા છે. તેણે દાન-પુણ્ય પણ દિલથી કર્યું છે.

છેલ્લા ૧૩ મહિનામાં ૩૯૮ કરોડ રૂપિયાની ઓફર કરનારા ભક્તો અલગ-અલગ રીતે આવ્યા છે. જેમાં ૨૭ કિલો સોનું અને ૩૫૬ કિલો ચાંદીનો સમાવેશ થાય છે. ભક્તોને સુવિધાઓ પૂરી પાડવા ઉપરાંત, શિરડી સાંઈ સંસ્થાન આ દાનનો સારો ઉપયોગ વિવિધ સામાજિક કાર્યો અને આફતના સમયે રાહત કાર્યો માટે કરે છે. સાંઈ સંસ્થાનની ૨૫૦૦ કરોડની થાપણો વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોમાં છે. આ ઉપરાંત સંસ્થા પાસે ૪૮૫ કિલો સોનું અને ૬ હજાર ૪૦ કિલો ચાંદી પણ છે.છેલ્લા ૧૩ મહિનામાં (૭ ઓક્ટોબર ૨૦૨૧ થી ૧૪ નવેમ્બર ૨૦૨૨ સુધી), સાંઈ બાબાના ચરણોમાં ૮ રીતે દાન આવ્યું. દાન પેટીમાં ૧૬૯ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. ડોનેશન કાઉન્ટરમાંથી ૭૮ કરોડ રૂપિયા આવ્યા. ભક્તોએ ઓનલાઈન દાન તરીકે ૭૩ કરોડ ૫૪ લાખ રૂપિયા આપ્યા. ચેક અને ડીડી દ્વારા ૧૯ કરોડ ૬૮ લાખ જમા કરાવ્યા હતા. ૪૨ કરોડ ડેબિટ ક્રેડિટ કાર્ડથી આવ્યા હતા. મની ઓર્ડર દ્વારા ૨ કરોડ ૨૯ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. ૧૨ કરોડ ૫૫ લાખની કિંમતનું ૨૭ કિલો સોનું ઓફર કરવામાં આવ્યું હતું. બાબાના ચરણોમાં ૧ કરોડ ૬૮ લાખની કિંમતની ૩૫૬ કિલો ચાંદી અર્પણ કરવામાં આવી હતી.

જો ત્રણ વર્ષની સરેરાશની વાત કરીએ તો વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૯૦ કરોડનું દાન આવ્યું હતું. ૨૦૨૦-૨૧માં કોવિડને કારણે તેમાં ભારે ઘટાડો થયો હતો અને દાનની રકમ ૯૨ કરોડ હતી. વર્ષ ૨૦૨૧-૨૨માં આ રકમ ફરી વધીને ૩૯૮ કરોડ થઈ ગઈ.

## આફતાબે અનેકવાર શારીરિક શોષણ કર્યું હતું,શ્રદ્ધાના નીચેના અંગો સુન્ન થઈ ગયા હતા!

નવીદિલ્હી,તા.૧૯

અત્યાર સુધી મળેલા અવશેષો સાથે ડીએનએ મેચિંગ માટે શ્રદ્ધા વોકરના પિતા અને ભાઈના લોહીના નમૂના લેવામાં આવ્યા છે. પોલીસને શ્રદ્ધા વોકર અને તેના મિત્રો વચ્ચેની ચેટ મળી છે. આફતાબ અમીન પૂનાવાલા દ્વારા દુર્વ્યવહારના વાતને સાબિત કરતા હતા. શ્રદ્ધા એક ચેટમાં લખે છે, હું ગઈ કાલના મારથી હજુ ઠીક થઈ શકી નથી. થઈ શકી નથી.. મને લાગે છે કે મારું બીપી (બ્લડ પ્રેશર) ઓછું છે અને મારું શરીર દુખે છે. શ્રદ્ધાને વસઈની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ડૉક્ટરે કહ્યું કે જ્યારે તેણી તેની પાસે આવી ત્યારે આંતરિક ઈજાઓ હતી. ગરદનને હલાવવામાં તકલીફ પડતી હતી અને નીચેના અંગોમાં કળતર અને નિષ્ક્રિયતા હતી.

શ્રધ્ધાએ મૃત્યુ પહેલા તેના મિત્રો અને સહકર્મી સાથે વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ પર વાતચીત કરી હતી. તેણીએ તેને કહ્યું હતું કે તેમના સંબંધોની શરૂઆતથી જ આફતાબ દ્વારા તેણીનું શારીરિક શોષણ કરવામાં આવ્યું હતું.

શ્રદ્ધા એક ચેટમાં લખે છે, હું ગઈ કાલના મારમાંથી સાજા થઈ શકી નથી.. મને લાગે છે કે મારું બીપી (બ્લડ પ્રેશર) ઓછું છે અને મારું શરીર દુખે છે. તેણે બે વર્ષ પહેલા એક સાથીદાર સાથે આ વાતચીત કરી હતી. તે સમયે તે તેના બોયફ્રેન્ડ આફતાબ સાથે મુંબઈ નજીક તેના વતન વસઈમાં રહેતી હતી. શ્રદ્ધાના ચહેરા પર ઈજાના નિશાન હતા. તેની તસવીર જોડતા તેણે તેના સાથીદારને કહ્યું, મારામાં પથારીમાંથી ઉઠવાની શક્તિ નથી. તમને જે તકલીફ પડી છે અને જે રીતે કામ પર અસર પડી છે તેના માટે હું દિલથી ક્ષમા ચાહું છું.

## ભગવંત માને પંજાબને કંગાળ બનાવી દીધુ,સરકારમાં આવ્યા બાદ ૨૫ હજાર કરોડનું દેવુ કર્યું : ભાજપ

ચંડીગઢ,તા.૧૯

ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી તરૂણ ચુગે પંજાબની આમ આદમી પાર્ટી સરકાર પર પંજાબને કંગાળ અને દેવાદાર બનાવવાનો આરોપ લગાવ્યો છે.ચુગે રાજયની ભગવંત માન સરકાર પર નિશાન સાંધતા કહ્યું કે મુખ્યમંત્રી ગુજરાત ચુંટણીમાં વ્યસ્ત છે પરંતુ આ દરમિયાન પંજાબની સ્થિતિ સતત ખરાબ થઇ રહી છે.તરૂણ ચુગે આપ સરકારની ટીકા કરતા કહ્યું કે ચુંટણીના સમયે પંજાબને રંગીલુ પંજાબ બનાવવાની વાત કહેનારા માન પંજાબને કંગાળ બનાવવામાં લાગી ગયા છે.તેઓ પહેલા દાવો કરતા હતાં કે પંજાબમાં સત્તામાં આવતા જ પંજાબને દેવામાંથી મુકતિ અપાવીશું અને દરેક મહિલાને એક હજાર રૂપિયા દર મહીને આપીશું જયારે હકીકત એ છે કે જયારથી આ સરકાર સત્તામાં આવી છે ત્યારથી પંજાબ પર દેવાનો બોજ સતત વધી રહ્યો છે.ભાજપના મહામંત્રી ચુગે આરોપ લગાવ્યો કે સત્તામાં આવ્યા બાદ આપ સરકારે ૨૫ હજાર કરોડ રૂપિયાનું દેવું કર્યું છે જો દેવાની આ ગતિ જારી રહી તો આપ સરકાર પોતાના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન પંજાબ પર અઢી લાખ કરોડ રૂપિયાનું દેવુ વધુ લગાડશે.ચુંગે કહ્યું કે આમ આદમી પાર્ટીની ભગવંત માન સરકાર ન તો રાજયની અર્થવ્યવસ્થાને સંભાળી શકયા છે અને ન તો રાજયની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ,તેમણે મુખ્યમંત્રીને ખોટો ખર્ચ બંધ કરવા અને પ્રચાર પર કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યાં છે તેને બંધ અને ચુંટણી રાજયોના પ્રવાસ ઓછા કરી પંજાબની કાયદો અને વ્યવસ્થા અને અર્થવ્યવસ્થા પર ધ્યાન આપવાની પણ અપીલ કરી છે.

## જી -૨૦ સમિટ મેનિફેસ્ટોમાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ, વ્હાઈટ હાઉસે મોદીના વખાણ કર્યા

નવીદિલ્હી,તા.૧૯

થોડા દિવસો પહેલા જી-૨૦ના નેતાઓ ઈન્ડોનેશિયાની રાજધાની બાલીમાં એકઠા થયા હતા. આ દરમિયાન ઉર્જા સંકટ, રશિયા-યુક્રેન યુદ્ધ, વૈશ્વિક અર્થવ્યવસ્થા સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. વ્હાઈટ હાઉસે કહ્યું કે જી-૨૦ સમિટની બાલી ઘોષણા પરની વાટાઘાટોમાં ભારતે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે પીએમ મોદીના નિવેદન 'આજનો યુગ યુદ્ધનો ન હોવો જોઈએ'ના વખાણ કર્યા હતા. રશિયા-યુક્રેન યુદ્ધ આ વર્ષે ફેબ્રુઆરીમાં શરૂ થયું હતું. આ પછી, પ્રથમ વખત, વિશ્વની ટોચની અર્થવ્યવસ્થા ધરાવતા ૨૦ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો ભેગા થયા હતા.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કારેન જીન-પિયરે જણાવ્યું હતું કે સમિટની ઘોષણા પર વાટાઘાટો કરવામાં ભારતે મહત્વની ભૂમિકા ભજવી હતી. વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું કે આજનો યુગ યુદ્ધનો ન હોવો જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, અમારી પાસે અન્ય પ્રાથમિકતાઓ વચ્ચે સ્થિતિસ્થાપક વૈશ્વિક અર્થવ્યવસ્થાના નિર્માણ માટેના અમારા પ્રયાસો ચાલુ રાખીને વર્તમાન ખાદ્ય અને ઉર્જા સુરક્ષા પડકારોને પહોંચી વળવાનો માર્ગ છે.સમિટમાં પીએમ મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે, "મેં વારંવાર કહ્યું છે કે આપણે યુક્રેનમાં યુદ્ધવિરામનો રસ્તો શોધીને કૂટનીતિના માર્ગ પર પાછા ફરવું પડશે." છેલ્લી સદીમાં બીજા વિશ્વયુદ્ધે વિશ્વમાં તબાહી મચાવી હતી.

જે બાદ તે સમયના આગેવાનોએ શાંતિનો માર્ગ અપનાવવાનો ગંભીર પ્રયાસ કર્યો હતો. હવે આપણો વારો છે.જી ૨૦ સમિટની જાહેરાતમાઁ મોદીનો નો વોરનો સંદેશ ગુંજ્યો. સમિટ પછી સંયુક્ત ઘોષણામાં, નેતાઓએ યુક્રેન પર રશિયન આક્રમણની નિંદા કરી અને યુક્રેનિયન પ્રદેશમાંથી તેના સંપૂર્ણ અને બિનશરતી ખસી જવા હાકલ કરી.

## તંત્રી સ્થાનેથી...

# ચૂંટણી ટાણે અનેક પડકારોથી ઘેરાયેલા પક્ષો




*હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થઈ ગયું છે જ્યારે ગુજરાતમાં ૧ ડિસેમ્બર અને ૫ ડિસેમ્બરે બે ચરણોમાં મતદાન થવાનું છે. ચૂંટણી ભલે અલગ-અલગ થાય પણ પરિણામ એક જ દિવસે ૮ ડિસેમ્બરે આવવાનાં છે. આ રાજ્યોની જનતાનું મનોવિજ્ઞાન પણ અલગ-અલગ છે. જ્યાં ૧૯૭૧માં હિમાચલની રચના બાદ ત્યાં સત્તારૂઢ પક્ષને ક્યારેય બીજી ટર્મમાં સત્તા નથી મળી, ત્યાં જ ગુજરાતની જનતા છેલ્લાં ૨૭ વર્ષથી સતત ભાજપને ચૂંટતી આવી છે. આ દૃષ્ટિએ ઈતિહાસ અને પરંપરા અનુસાર મોટાભાગના લોકોને આ વખતે હિમાચલમાં કોંગ્રેસ અને ગુજરાતમાં ભાજપની સરકાર બનવાની ગણતરી છે. જોકે પાછલી ચૂંટણીઓના મુકાબલે એક અંતર છે. બંને રાજ્યોમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જ સ્પર્ધા થતી આવી છે. ત્રીજી પાર્ટીનું કોઈ ખાસ વજૂદ ન હતું. પહેલી વાર બંને રાજ્યોમાં આમ આદમી પાર્ટી મજબૂતીથી કાઠું કાઢી રહી છે. દિલ્હી અને પંજાબમાં 'રેવડી રાજકારણ'ને સહારે સત્તા હાંસલ કરનારી આપે હિમાચલ અને ગુજરાતમાં પણ રેવડી દાવ ખેલ્યો છે. તેથી તેની ઉપેક્ષા ન કરી શકાય. પ્રશ્ન એ છે કે આપ કેવું પ્રદર્શન કરશે અને તેનાથી કઈ પાર્ટીના વોટ કપાશે?*

*ગુજરાતમાં ભાજપની સત્તામાં વાપસીને લઈને મોટાભાગે એકમતતા છે, પરંતુ પાર્ટી સમક્ષ મોટા પડકારો પણ છે. છેલ્લાં ૨૭ વર્ષોથી સત્તામાં રહેવાને કારણે જનતામાં ભાજપના વિજયને લઈને અતિ વિશ્વાસ અને પાર્ટી કાર્યકર્તાઓમાં નિષ્ક્રિયતા વધી છે. ટિકિટ માટે મારામારી વધુ છે. કોંગ્રેસથી ભાજપમાં આવનારાને ટિકિટ આપવાની મજબૂરીથી પાર્ટી અને જનતા પણ આક્રોશિત છે. અસંતોષના સંકેત સપ્ટેમ્બર ૨૦૨૧માં જ મળી ગયા, જ્યારે વિજય રૂપાણીને હટાવીને ભૂપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી પદે બેસાડી દેવાયા. જોકે વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ બંને ગુજરાતના છે, અને વડાપ્રધાન ૧૨ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા, તેથી ગુજરાતની ચૂંટણી પાર્ટી અને નેતૃત્વ બંને માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર સહિત કેટલાક યુવા નેતાઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં આવતાં ભાજપને નવો જનાધાર તો મળ્યો છે, પરંતુ તેમના વિરુદ્ધ પાર્ટીમાં અસંતોષ પણ જાગ્યો છે. છેલ્લી ચાર ચૂંટણીઓથી અહીં ભાજપની સીટોમાં ઘટાડાનો સિલસિલો ભલે ચાલુ હોય, પરંતુ પાર્ટીનો જનાધાર ઘટ્યો નથી. તે ૪૯ ટકા પર ટકેલો છે. કોઈ પક્ષ માટે સીટો ઘટવી ચિંતાનો વિષય હોઈ શકે છે, પરંતુ તેનો જનાધાર ઘટવો એ વધુ ચિંતિત કરનારું પાસું હોય છે. વડાપ્રધાન મોદીની રાષ્ટ્રવાદ, હિંદુત્વ, સમાવેશી વિકાસ અને ભ્રષ્ટાચાર પર પ્રહારની સાથે જ દેશની પ્રતિષ્ઠા વધારવાના પ્રયાસને કારણે જનતાનો એમના પર ભારે વિશ્વાસ છે. આ કારણે એવા કોઈ અણસાર નથી દેખાતા કે ભાજપના જનાધારમાં ઘટાડો થશે.સમસ્યાઓના નિરાકરણ અને ચૂંટણી ક્ષેત્રની સમસ્યાઓના સમાધાન પ્રત્યે એટલા સંવેદનશીલ નથી રહ્યા, જેટલી તેમની પાસેથી અપેક્ષા રખાય છે. આગામી લોકસભા ચૂંટણીઓની દૃષ્ટિએ ભાજપ માટે આ ઝડપથી ઉભરતી એક ગંભીર સમસ્યા છે.*

# ચૂંટણીના કારણે હીરા ઉદ્યોગનું દિવાળી વેકેશન લંબાવાયું

રાજકોટ,તા.૧૯

સૌરાષ્ટ્ર અને સુરત સાથે અનેરુ કનેકશન સ્થાપિત કરતા હીરા ઉદ્યોગમાં દિપાવલીનું વેકેશન હવે ડીસેમ્બરના પ્રથમ સપ્તાહ સુધી લંબાવાતા તેના કારણે સુરતના હીરા ઉદ્યોગ માટે લાભપાંચમ બાદ બોણી પણ ન થાય તેવી સ્થિતિ સર્જાઇ ગઇ છે. સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી સહિતના જિલ્લાઓમાંથી લાખો લોકો સુરતમાં ડાયમંડ અને હવે ટેક્સટાઇલ ઉદ્યોગ સાથે પણ જોડાયેલા છે.

ચૂંટણીના કારણે વેકેશન ડીસેમ્બરના પ્રથમ સપ્તાહ એટલે કે અંદાજે ૧૦ ડીસેમ્બર સુધી લંબાવાતા તેના કારણે સુરતના હજારો હીરાના કારખાનાઓને ફરજીયાત રીતે બંધ કરવા પડયા છે અને ૧૫ નવેમ્બરે જે યુનિટો ચાલુ થયા તેમાં પણ કારીગરોની ખેંચ વર્તાઇ છે. રાજકીય પક્ષોના દબાણથી ખાસ કરીને હીરા ઉદ્યોગને તેમનું વેકેશન લંબાવવાની ફરજ પડી છે. મોટાભાગના હીરાના કારખાનેદારો કહે છે કે અધૂરા કારીગરોના કારણે પોલીશીંગ સહિતની કામગીરી શક્ય નથી.

ફક્ત હીરા ઉદ્યોગ જ નહીં સૌરાષ્ટ્ર અને સુરતના અનેક ઉદ્યોગો અને વ્યવસાયો માટે વિધાનસભા ચૂંટણીએ દિપાવલી બાદના ધંધામાં બ્રેક લાવી ગઇ છે. ખાસ કરીને ચૂંટણીના કારણે જે આચારસંહિતા અમલી બની છે તેના કારણે સોના-ચાંદી, રોકડ વગેરેની હેરફેરને જબરી બ્રેક લાગી ગઇ છે.રાજકોટના જવેલરી ઉદ્યોગને ચૂંટણીએ સૌથી મોટો આંચકો આપ્યો છે. એક તરફ ડીસેમ્બરની ૧૪ પૂર્વેની લગ્નની મોસમ અને ત્યારબાદના કમૂરતા પછીના જે લગ્નની સિઝન ફરી ચાલુ થશે તે માટે જવેલરી ઉદ્યોગ સજ્જ બની ગયો હતો.ચાલુ વર્ષે દિપાવલી સારી જવાથી જવેલરી ઉદ્યોગમાં દિપાવલી માંડ સારી રહેશે તેવી ગણતરીએ સોનાની ખરીદી અને રોકડની હેરફેરમાં જબરો ઉછાળો નોંધાશે તેવી સ્થિતિ હતી પરંતુ આચારસંહિતાના કારણે જે રીતે માર્ગો પર આકરી તલાશી વગેરે થઇ રહી છે તેના કારણે આ પ્રકારના વ્યવહારોને બ્રેક લાગી ગઇ છે.

# સંસદનુ શિયાળુ સત્ર ૭ ડિસેમ્બર ૨૦૨૨થી શરૂ થશે અને ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે

## વર્તમાન સાંસદોના નિધનને ધ્યાનમાં રાખીને આગામી સત્રના પ્રથમ દિવસ સ્થગિત થવાની શક્યતા



નવીદિલ્હી,તા.૧૯

કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યુ કે સંસદનુ શિયાળુ સત્ર ૭ ડિસેમ્બરથી ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે. તેમણે ટ્વિટ કરીને કહ્યુ કે, 'સંસદનુ શિયાળુ સત્ર ૭ ડિસેમ્બર ૨૦૨૨થી શરૂ થશે અને ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે. જેમાં ૨૩ દિવસમાં ૧૭ બેઠકો થશે. અમૃતકાળ વચ્ચે સત્ર દરમિયાન કાયદાકીય કામકાજ અને અન્ય મતો પર ચર્ચા થવાની અપેક્ષા છે. અમે રચનાત્મક ચર્ચા માટે તૈયાર છીએ.'

વર્તમાન સાંસદોના નિધનને ધ્યાનમાં રાખીને આગામી સત્રના પ્રથમ દિવસ સ્થગિત થવાની શક્યતા છે. સમાજવાદી પાર્ટીના વડા મુલાયમ સિંહ યાદવ પણ વર્તમાન સાંસદોમાં સામેલ છે જેમનુ તાજેતરમાં નિધન થયુ છે. અહેવાલો મુજબ તાજેતરના મહિનાઓમાં કોવિડની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. લોકસભા અને રાજ્યસભા સચિવાલયના મોટાભાગના સભ્યો અને કર્મચારીઓને સંપૂર્ણ રસી આપવામાં આવી છે. તેથી સંભવ છે કે આ વખતે સંસદનુ શિયાળુ સત્ર કોઈપણ મોટા કોવિડ-પ્રેરિત નિયંત્રણો વિના યોજાય.

સરકાર આગામી શિયાળુ સત્ર દરમિયાન પસાર થવાના બિલોની યાદી તૈયાર કરશે. જ્યારે વિપક્ષ તાકીદની બાબતો પર ચર્ચા માંગશે. સંસદનુ આ પહેલુ સત્ર હશે જેમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, જે રાજ્યસભાના અધ્યક્ષ છે તેઓ રાજ્યસભાની કાર્યવાહીનુ સંચાલન કરશે. અગાઉ ચોમાસુ સત્ર ૧૮ જુલાઈએ શરૂ થયુ હતુ અને ૮ ઓગસ્ટના રોજ સ્થગિત કરવામાં આવ્યુ હતુ. આ સત્રમાં ૨૨ દિવસના સમયગાળામાં ૧૬ સત્રો થયા હતા. લોકસભામાં સત્ર દરમિયાન છ બિલ રજૂ કરવામાં આવ્યા હતા. છેલ્લા સત્ર દરમિયાન લોકસભા દ્વારા સાત બિલ અને રાજ્યસભા દ્વારા પાંચ બિલ પસાર કરવામાં આવ્યા હતા. એક બિલ પાછુ ખેંચવામાં આવ્યુ હતુ. સત્ર દરમિયાન સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવેલા બિલોની કુલ સંખ્યા ૫ હતી. લોકસભાની ઉત્પાદકતા લગભગ ૪૮ ટકા અને રાજ્યસભાની ૪૪ ટકા જેટલી હતી.

પ્રહલાદ જોશી આજે ભારતીય જનતા પાર્ટીની 'સંસદ સ્થળાંતર યોજના' હેઠળ શહેરમાં હતા. તેમણે અહીં ભાજપ સાંસદ ધર્મપુરી અરવિંદના નિવાસસ્થાન પર થયેલા હુમલાની નિંદા કરી હતી. તેમણે પત્રકારોને કહ્યુ કે ટીઆરએસના આ વલણ અને તેમની આ ગુંડાગીરીની હું નિંદા કરુ છુ. તેમણે આરોપ લગાવ્યો કે તેલંગાણા પહેલા એક અધિશેષ(સરપ્લસ) રાજ્ય હતુ પરંતુ હવે તે દેવાદાર રાજ્ય બની ગયુ છે.

## રાજસ્થાનમાં ફરી નવો વિવાદ

# ગુર્જર આંદોલને ફરી એકવાર જોર પકડ્યું, રાહુલની યાત્રાને રાજ્યમાં ન પ્રવેશવા દેવાની ધમકી

જયપુર,તા.૧૯

રાજસ્થાનમાં કોંગ્રેસના વિવાદમાં હજુ ઘણુંબધું બાકી છે, જ્યારે હવે એક નવો વિવાદ ઊભો થઈ રહ્યો છે. વર્ષોથી બંધ ગુર્જર આંદોલનને ઓઝા લોકોએ ફરીથી જાગ્રત કરવાનું શરૂ કર્યું છે. બંને બાજુ અવરોધો છે. સમજૂતી હોવા છતાં સરકાર ગુર્જરોની માગ પૂરી કરતી નથી અને ગુર્જરો કંઈ ઓછું સ્વીકારવા માગતા નથી. કર્નલ કિરોડી સિંહ બૈંસલા નથી રહ્યા, તેમના પુત્ર વિજય બૈંસલાએ કમાન સંભાળી છે. તેમનું કહેવું છે કે અમે કર્નલ સાહેબ સાથે કરેલા કરારને કોઈપણ ભોગે લાગુ કરવા માગીએ છીએ.



જો સરકાર ૨૦ દિવસમાં તમામ માગણીઓ નહીં સ્વીકારે તો રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને રાજસ્થાનમાં પ્રવેશવા દેવાશે નહીં. હવે કર્નલની સમજૂતીનો અમલ કરવા મક્કમ રહેલા વિજય બૈંસલાને યાદ નથી કે કર્નલે મહિનાઓ સુધી પાટા પર આંદોલન કર્યું હતું, પરંતુ હવે તેઓ આંદોલનની અલગ જ ધમકી આપી રહ્યા છેપ કે રાહુલ ગાંધીને રાજ્યમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. બરાબર દિવસો માપીને ૨૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે, જ્યારે રાહુલ રાજ્યમાં પ્રવેશવાના છે. આવનારા દિવસોમાં ચૂંટણીઓ આવી રહી છે. બીજા ઘણા પ્રસંગો હોઈ શકે છે, પરંતુ આ માર્ગ શા માટે પસંદ કરવામાં આવ્યો? એ એક પ્રશ્ન છે. અગાઉ આવું નહોતું, પરંતુ આ વખતે આ આંદોલન હવે રાજકારણ સાથે સીધું જોડાયેલું જોવા મળી રહ્યું છે. એનો સંબંધ રાજકારણ સાથે ન હોય, પરંતુ ગેહલોત-પાઇલટ વિવાદ ચાલી રહ્યો હોવાથી અને પાઇલટ ગુર્જર સમુદાયના નેતા હોવાથી તેમની સાથે પણ એને જોડવામાં આવશે. જોકે રાજકીય ક્ષેત્રમાં અલગ અલગ ચર્ચાઓ ચાલી રહી છે.

કોઈ કહી રહ્યું છે કે રાહુલ ગાંધીની મુલાકાત સમયે ગેહલોત કેમ્પના કેટલાક લોકો પાઇલટને બદનામ કરવા માટે આ આંદોલનને વેગ આપી રહ્યા છે. કેટલાક એવું કહી રહ્યા છે કે માત્ર પાઇલટ જ આ કામ કરાવી રહ્યા છે. જ્યાં સુધી વિજય બૈંસલાનો સવાલ છે, તેઓ તમામ ગુર્જર ધારાસભ્યોને દલ બદલું કહી રહ્યા છે. તેઓ કહે છે કે તેઓ જ્યાં ફાયદો મળે ત્યાં પહોંચી જાય છે. તેમણે તો ત્યાં સુધી કહ્યું હતું કે પાઇલટ પોતે નાયબ મુખ્યમંત્રી છે! અમારો કયો કરાર તેમણે અમલમાં મૂક્યો કે આપણે તેમનું પાલન કરવું જોઈએ? બૈંસલાએ બીજી એક વાત કહી, અમારું કામ કોઈની યાત્રા રોકવાનું નથી. અમારું કામ કરો અને છુટ્ટા થાઓ. એકવાર કરાર થઈ ગયા પછી એનો અમલ કરવામાં શી સમસ્યા છે?

અત્યારે કોણ સાચું અને કોણ ખોટું એ કહેવું મુશ્કેલ છે, પરંતુ આ બધાને કારણે રાહુલ ગાંધીની યાત્રા પર મુશ્કેલી આવી પડી છે. યાત્રાના રૂટમાં ફેરફાર કરવામાં આવે એવાં સૂચનો કરવામાં આવી રહ્યાં છે. હવે જે માર્ગ નક્કી કરવામાં આવ્યો છે એ મોટા ભાગે ગુર્જર પટ્ટામાં આવે છે, તેથી એમાં મુશ્કેલી આવવાની ખાતરી છે, પરંતુ જે પણ માર્ગ નક્કી કરવામાં આવે છે, ત્યાં ગુર્જરો ચોક્કસપણે આવી શકે છે. હવે જોવાનું એ રહે છે કે સરકાર કરારનો અમલ કરે છે, ગુર્જરોને કંઈક આપીને રાજી કરે છે કે પછી રાહુલ ગાંધીની યાત્રામાં અડચણો ઊભી કરવાનું જોખમ ઉઠાવે છે!

# બદરીનાથના કપાટ બંધ થયા : આ વખતે પીએમ મોદી સહિત સાડા ૧૭ લાખ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા



હલ્દ્વાની,તા.૧૯

હિન્દુઓના પવિત્ર ધાર્મિક સ્થળ શ્રી બદરીનાથ ધામના કપાટ શિયાળામાં બંધ થઈ જાય છે આથી આજે ૧૯ નવેમ્બરે સાંજના ૩ વાગ્યેની ૩૫ મિનિટ પર ભગવાન બદરીના વિશાળ કપાટ બંધ થઇ ગયા છે દરવાજા બંધ કરતા પહેલા મંદીરને સુંદર રીતે રંગબેરંગી ફુલોથી સજાવામાં આવ્યું હતું કપાટ બંધ થવાના હોવાથી હજારો શ્રદ્ધાળુઓ બદરીનાથ પહોંચ્યા હતાં અને કપાટ બંધ થવાની ધાર્મિક પ્રક્રિયાના સાક્ષાત સાક્ષી બન્યા હતાં

બદરીનાથની પૂર્વ ધર્માધિકારી ભુવન ચંગ્ર ઉનિયાલ મુજબ કપાટ બંધ થતા પહેલા ભગવાન બદરીવિશાલને ઉની ધૃત કંબલ ઓઢાડવામાં આવી હતી. આ ધાબળા માના ગામની મહિલાઓ દ્વારા તૈયાર કરવામા આવે છે. જેને ઘીમાં પલાળીને તૈયાર કરવામાં આવે છે.

આ ધાબળાને મંદીરના મુખ્ય પૂજારી ઈશ્વરી પ્રસાદ નંદૂબરી ભગવાનને અર્પણ કર્યા હતાં આ અગાઉ શનિવારે રાવલ એટલે કે મુખ્ય પૂજારી ઈશ્વરી પ્રસાદ નંદૂબરી સ્ત્રીનો વેશ ધારણ કરી માતા લક્ષ્મીની પ્રતિમાને બદરીનાથ ધામના ગર્ભ ગૃહમાં પ્રતિષ્ઠાપિત કરવામાં આવી હતી અને ઉદ્ધવ અને કુબેરની પ્રતિમાને મંદિર પરિસરમાં લાવવામાં આવી હતી.

## ભાજપના ધારાસભ્યો સાવ આવા કડકા ?

# ભાજપના ધારાસભ્યને ચાવાળાને પણ બાકી ન રાખ્યો, ૩૦,૦૦૦ રૂપિયા બૂચ માર્યુ

## ધારાસભ્ય વર્મા એક કાર્યક્રમના સંબંધમાં તે વિસ્તારમાં ગયા તો ચા વેચનારએ તેમને પૈસાની યાદ અપાવી.

સિહોર,તા.૧૯

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણના ગૃહ જિલ્લા સિહોરમાં, ભાજપના ધારાસભ્યને તેના ૩૦,૦૦૦ રૂપિયાના લેણાં વસૂલવા માટે રસ્તાની વચ્ચે એક ચા વેચનાર દ્વારા ઘેરી લેવામાં આવ્યો હતો. સાથે જ ધારાસભ્યને ઉગ્રતાથી કહ્યું હતું.

આ સમગ્ર મામલે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ થયેલો વિડિયો જિલ્લાની ઈચ્છાવર વિધાનસભા સ્થિત બરખેડી ગામનો છે.

મળતી માહિતી મુજબ, જિલ્લાની ઉચ્છવર વિધાનસભાના બીજેપી ધારાસભ્ય કરણ સિંહ વર્મા એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે ગામ બરખેડી જઈ રહ્યા હતા. એટલામાં જ એક ચા વેચનારે કેટલાક લોકો સાથે ધારાસભ્યના કાફલાને રસ્તાની વચ્ચે રોકી દીધો અને તેની ચા માટે ૩૦ હજાર રૂપિયાની માંગ કરવા લાગ્યો. જણાવવામાં આવી રહ્યું છે કે ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણી દરમિયાન ચા વેચનાર બીજેપી ઉમેદવાર કરણ સિંહ વર્માના સમર્થકોને ચા આપતો હતો. તે જ સમયે ધારાસભ્ય પર ૩૦ હજાર રૂપિયા બાકી હતા.

હવે લગભગ ૪ વર્ષ પછી જ્યારે ધારાસભ્ય વર્મા એક કાર્યક્રમના સંબંધમાં તે વિસ્તારમાં ગયા તો ચા વેચનારએ તેમને પૈસાની યાદ અપાવી.

વાયરલ વીડિયો અનુસાર, ઈછાવરના ધારાસભ્ય કરણ સિંહ વર્મા પોતાના સમર્થકો સાથે કારમાં બેઠા છે. કેટલાક લોકો તેની કારને ઘેરીને બહાર ઉભા છે. એક વ્યક્તિ એમ કહેતા સાંભળવા મળે છે કે, આ ધારાસભ્ય પૈસા નથી આપી રહ્યા. ઘણો સમય થયો છે. હવે ૪ વર્ષ પછી આવ્યા છે. ગરીબ ચા વેચનારના પૈસા ચૂકવતા નથી." જવાબમાં ધારાસભ્ય કરણ સિંહ વર્મા કહે છે, "મેં આપી દીધા છે." પછી ચા વેચનાર કહે છે, "તમે કહ્યું હતું કે દીકરા, ચા બનાવી દેપ જો કોઈ સમસ્યા આવશે તો હું બેઠો છું. હું તમારી પાસે કેટલી વાર આવ્યો છું એટલે ધારાસભ્યે કહ્યું કે, તમે પરમ દિવસે આવજો. તેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. આ મામલે ભાજપના ધારાસભ્ય કરણ સિંહ વર્માએ કહ્યું કે, મને ખબર નથી કે પૈસા ક્યારના બાકી છે, યુવક મને બ્લેકમેલ કરી રહ્યો છે. કામદારોએ તેને બે વખત ૩૦,૦૦૦ રૂપિયાની રકમ આપી છે. ગઈકાલે પણ તેને ૩૦ હજાર રૂપિયા આપવામાં આવ્યા હતા. ચૂંટણીના વર્ષમાં આવા વીડિયો બહાર પાડવામાં આવે છે.

# વડાપ્રધાન મોદીએ અરૂણાચલના ઇટાનગરમાં ડોની પોલો એરપોર્ટનું ઉદ્‌ઘાટન કર્યું

## અટકવાનો,લટકવાનો,ભટકવાનો યુગ ગયો : વડાપ્રધાન

ઈટાનગર,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે સવારે અરુણાચલ પ્રદેશ પહોંચ્યા હતા. અહીં ઈટાનગરમાં તેમણે ડોની પોલો એરપોર્ટનું ઉદ્‌ઘાટન કર્યું. તે રાજ્યનું પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટ છે. આ સિવાય પીએમએ ૬૦૦ મેગાવોટનું મેંગ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર સ્ટેશન પણ રાષ્ટ્રને સમર્પિત કર્યું. કામેંગ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ પશ્ચિમ કામેંગ જિલ્લામાં ૮૦ કિલોમીટરના વિસ્તારમાં ૮,૪૫૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિકસાવવામાં આવ્યો છે.

આ દરમિયાન કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે અમારા રાજ્યની રાજધાનીમાં એરપોર્ટ હોય તે અમારું સપનું હતું. આજે પીએમ મોદીના પ્રયાસોથી તે સપનું સાકાર થયું છે. તેમણે આ એરપોર્ટના નિર્માણ માટે વિશેષ નિર્દેશો આપ્યા હતા. આ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાનગરમાં લોકોને સંબોધિત કર્યા. તેમણે કહ્યું કે તમે જાણો છો કે અમે વર્ક કલ્ચર લાવ્યા છીએ, જ્યાં અમે તે પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કરીએ છીએ જેના માટે અમે શિલાન્યાસ કર્યો છે. અટકવાનો, લટકવાનો, ભટકવાનો યુગ ગયો.

પીએમ મોદીએ કહ્યું કે જ્યારે પણ હું અરુણાચલ આવું છું ત્યારે હું મારી સાથે એક નવો જોશ, ઉર્જા અને ઉત્સાહ લઈને આવું છું. અરુણાચલના લોકોના ચહેરા પર ક્યારેય ઉદાસીનતા અને નિરાશા નથી, શિસ્ત શું છે? તે અહીં દરેક વ્યક્તિ અને ઘરમાં દેખાય છે. તેમણે કહ્યું કે આ એરપોર્ટનો શિલાન્યાસ ફેબ્રુઆરી ૨૦૧૯માં કરવામાં આવ્યો હતો અને મને આ સૌભાગ્ય મળ્યું હતું. અમે એવી વર્ક કલ્ચર લાવ્યા છીએ, જેનો શિલાન્યાસ અમે કરીએ છીએ, તેનું ઉદ્‌ઘાટન પણ કરીએ છીએ. અટકવાનો, લટકવાનો અને ભટકવાનો સમય ગયો. સંસ્કૃતિ હોય કે કૃષિ, વાણિજ્ય હોય કે કનેક્ટિવિટી, ઉત્તરપૂર્વને ટોચની પ્રાથમિકતા મળે છે, છેલ્લી નહીં.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે જ્યારે મેં ૨૦૧૯માં તેનો શિલાન્યાસ કર્યો ત્યારે ચૂંટણી થવાની હતી. રાજકીય વિવેચકોએ હોબાળો મચાવ્યો હતો કે એરપોર્ટ બનવાનું નથી અને મોદી ચૂંટણી પર પથ્થરમારો કરી રહ્યા છે. આજનું ઉદ્‌ઘાટન તેમના મોઢા પર થપ્પડ છે. પીએમ મોદીએ કહ્યું કે આજે દેશમાં જે સરકાર છે, તેની પ્રાથમિકતા દેશનો વિકાસ, દેશના લોકોનો વિકાસ છે. વર્ષના ૩૬૫ દિવસ, ૨૪ કલાક અમે દેશના વિકાસ માટે જ કામ કરીએ છીએ.

પીએમએ કહ્યું કે આઝાદી પછી પૂર્વોત્તરમાં એક અલગ યુગ જોવા મળ્યો. દાયકાઓ સુધી આ વિસ્તાર ઉપેક્ષાનો શિકાર હતો. જ્યારે અટલજીની સરકાર આવી ત્યારે પહેલીવાર તેને બદલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પૂર્વોત્તરના વિકાસ માટે અલગ મંત્રાલય બનાવનારી તે પ્રથમ સરકાર હતી.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG..109
શિર્ષક :-ધર્મ/બાબુ સંગાડા 'મહેક'
પ્રકાર :-પદ્ય
યુગોયુગ જેના પરિક્ષેત્રમાં
સમાજ, જાતિ,વિક્સી
ને જેનાથી ઓળખ બની
એક માનવપણાની
તેનો ત્યાંગ કરવો એટલે હારી જવું.
ડરી જવું
જાતથી વિશ્વાસ ગુમાવી દેવો
ધર્મ એટલે નિષ્ઠા
ધર્મ એટલે સમર્પણ
ધર્મ એટલે ત્યાંગ
ધર્મ એટલે સમર્પણ
તેના સવર્ધન માટે સતત ઝઝૂંમ્વું એ ધર્મ છે.
તમે વાડાની કંટાળી વાડ છોડો
જાતને જુવો
કુદરતે ધર્મ આપ્યો  એજ સ્વીકારો
માણસ બાંધ્યા અખાડામાથી  બહાર આવો
તમે માણસજાતના ધર્મ સાથે જન્મયા છો.
પછી ગમે તે વસ્ત્રો ધારણ કરશો
તો શું ફર્ક પડવાનો
તમારો ધર્મ તમને નથી છોડવાનો
મુત્યુપ્રર્યંત !!

---

N.O.G. S. S. No 0102.
નામ:- રતીલાલ વાયડા
વિષય:-ધર્માંતરણની આડ અસરો
પ્રકાર:- ગદ્ય લેખ.
શીર્ષક:- ધર્માંતરણની અસર.
તારીખ:-૧૯/૧૧/૨૦૨૨. શનિવાર.
રચના:-

મુસ્લિમો એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કુરાન લઈ અને જગતને ઈસ્લામિક બનાવવા માટે નીકળી પડ્યા હતા.

તેઓ કહેતા હતા કે કાફિર લોકોને આ દુનિયામાં જીવવાનો અધિકાર નથી.તેઓ કહેતા હતા કે કાં તો ઈસ્લામનો સ્વીકાર કરો અથવા અમે તમારું તલવારથી ગરદન કાપી નાખશું. આમ ઈસ્લામ ધર્મનો દુનિયાના ઘણા દેશોમાં પ્રચાર થયો ઘણા બધા હિન્દુ લોકોએ ઈસ્લામ ધર્મ સ્વની રક્ષા અને જોર જુલમને  કારણે અપનાવી લીધો. આમ ભારતમાં ઈસ્લામ ધર્મનો પ્રચાર થયો એટલું જ નહીં પણ દુનિયાના ઘણા દેશોમાં પણ ઈસ્લામ ધર્મ લોકોએ સ્વીકાર્યો.        ભારતમાં અંગ્રેજો આવ્યા અને તેઓની પણ ઈચ્છા હતી ખ્રિસ્તી ધર્મનો દુનિયાના દેશોમાં ફેલાવો થાય. ખાસ કરી અને દક્ષિણ ભારત અને ત્યાર પછી ભારતના જુદા જુદા પ્રદેશોમાં અંગ્રેજોએ ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે ખૂબ પ્રયત્ન કર્યા અને ઘણા હિન્દુઓ ખ્રિસ્તી બની ગયા.   આ ધર્માંતરણ માટે મુખ્ય કારણ લોકોની ગરીબી કહી શકાય . શિક્ષણનો અભાવ સમયસર હિન્દુ ધર્મની ન મળતી મદદ વગેરે કારણોસર લોકો ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મ તરફ વળી ગયા.    ધર્માંતરિત થયેલા લોકોને ઘણી બધી સગવડો મળતી. નોકરી ,રોજીરોટી, શિક્ષણ અને સારું જીવન જીવવા માટેની સુવિધાઓ તેઓને આપવામાં આવતી હતી, અને માટે તેઓએ પોતાનો નિજી ધર્મ છોડી અને પરધર્મ અપનાવી લીધો. આને કારણે સનાતન હિંદુ ધર્મ તૂટતો રહ્યો. સંખ્યા બળ ઘટતું રહ્યું ,અને અન્ય ધર્મ લોકો અપનાવતા થયા. આપણા રીતરિવાજો, ભારતીય પુરાણી સંસ્કૃતિ, વગેરે ભૂંસાવા લાગી અને તેની જગ્યાએ આવા નવા ધર્મોમાં જે જે જીવન પદ્ધતિ હતી તેનો તેઓએ સ્વીકારી લીધી. ખાન, પાન, પહેરવેશ, બોલચાલ વગેરેમાં પણ  અસર કરી ગયું અને લોકોએ નવા વિચારો પ્રમાણે પોતાનું જીવન શરૂ કરી દીધું.     ધર્માંતરણની આ પ્રવૃત્તિને કારણે દેશમાં શિક્ષણ પ્રથામાં આમૂલ પરિવર્તન આવ્યું. સંયુક્ત કુટુંબ તૂટવા લાગ્યા. લોકો ગ્રામ્ય જીવન છોડી શહેરો તરફ આગળ વધ્યા. આંતર જ્ઞાતિલગ્નમાં વધારો થવા લાગ્યો.આતંકવાદ, ભ્રષ્ટાચાર,હિંસા ,અને ગેરકાનુંની પ્રવૃત્તિ તેમજ બળાત્કારના કિસ્સાઓ વધવા લાગ્યા.

ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મની  આ પ્રવૃત્તિ સામે હિંદુ સંગઠનો પણ આગળ આવ્યા . તેમાં જૈન અને બુદ્ધ ધર્મ તેમજ સ્વામિનારાયણસંપ્રદાય,શ્રીવલભાચાર્યજીનો વૈષ્ણવ સંપ્રદાય તેમજ અનેક નાના મોટા સંપ્રદાયો ભારતમાં હિન્દુત્વના બચાવવા માટે આગળ આવ્યા અને ઘણા બધા લોકોનું ધર્મ પરિવર્તન કરાવ્યું.

આમ ધર્માંતરણ પ્રવૃત્તિથી ભારત અને દુનિયાના ઘણા દેશોને ખૂબ નુકસાની થઈ.

લેખક:- 'રતીલાલ વાયડા'
દ્વારકા.૧૯/૧૧/૨૦૨૨. શનિવાર.

---

: વિષય:- ધર્માંતરણ ની આડઅસર
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- ધર્મ ના નામ પર અધર્મ

મિત્રો આપણા ભારતમાં કોઈએ પણ સ્વેચ્છાથી ધર્મ બદલવો હોય તો એ એમનું મૌલિક અધિકાર છે . પણ આવા કેટલા લોકોને તમે નવા ધર્મને અપનાવતા જોયા છે જેણે ધર્મના મર્મ ને સમજ્યું હોય? ધર્મ પરિવર્તનના મુખ્ય કારણો લાલચ ,ભય ,જોર જબરાણ ,ઠગાઈ ,મજબૂરી....

ભારત જેવા પ્રાચીન રાષ્ટ્રમાં અધિકાંશ ધર્માંતરણ દંડો કે  ખુરશીના બળ પર થાય છે. જેમ કે આજકાલ રાજનીતિ દલબદલ થાય છે આના વિરુદ્ધ સર્વોચ્ચ ન્યાયાલય એ કેન્દ્ર સરકાર થી પૂછ્યું છે કે આ અનૈતિક ધર્મન ને અટકાવવા શું પગલાં લીધા છે? વર્ષો પહેલા ભારતમાં વિદ્વાનો વચ્ચે શાસ્ત્રાર્થ થતા હતા પણ આજકાલ ધર્મની ચર્ચા ફક્ત આદિવાસીઓ, ગરીબ, ગ્રામીણ અને દલિતના વચ્ચે ફરે છે ,કેમકે એમને ઠગવા બેવકૂફ બનાવવા લાલચ આપીને ફસાવવા સરળ હોય છે. ઘણા બધા પ્રદેશોમાં ઢગલા બંધ એવા સંગઠનો પણ છે કે એ લોકોનું કામ બસ લોકોને ઈસાઈ અને મુસલમાન બનાવવાનું હોય છે.એ લોકો ને પાદરી અને મોલવી ઈસા અને મોહમ્મદ ના સન્મ માર્ગો પર ચાલવાની આટલી શીખ નથી આપતા જેટલી કે પોતાની સંખ્યા બળ ને વધારવાને આપે છે. એ ધર્મનો નહીં રાજનીતિના માર્ગને પકડી રાખ્યો છે .આ ધર્મની સેવા નથી. અધર્મનો વિસ્તાર છે .ધર્માંતરણની સ્વતંત્રતાના નામે અધર્મની ગુલામી છે.            ભારતના પ્રત્યેક કથાકાર ,વ્યાસ ,ગુરુઓ ,સંતોથી પણ નિવેદન છે કે જે ધર્માંત્રણ માટે બહેકી રહ્યા છે આવા લોકોને કથા ના માધ્યમ થી અટકાવે અને જાગરુક કરે.

લીના શર્મા
હાલોલ

## ગાંધીનગર ઉત્તરના ભાજપના ઉમેદવાર રીટાબેન પટેલને લોકસંપર્ક દરમિયાન મળી રહ્યો છે ઠેર ઠેર આવકાર

**આજરોજ સેક્ટર-૨, સેક્ટર-૩, ૩ એ ન્યુમાં બપોર સુધી જનસંપર્ક કર્યો હતો તેમજ સેક્ટર-૪એ-બી, સેક્ટર ૫ અને ૫(બી) સહિતના વિસ્તારમાં જનસપર્કનું કરાયું આયોજન.**
**શ્રીમતી રીટાબેન પટેલ તબક્કાવાર રીતે સમગ્ર વિધાનસભા વિસ્તારમાં લોકસંપર્ક અને ગ્રૂપ મિટીંગ કરશે.**




ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર ઉત્તર વિધાસભાના ઉમેદવાર શ્રીમતી રીટા પટેલે લોકસંપર્ક રાઉન્ડ અંતર્ગત સેક્ટર-૨, સેક્ટર-૩, ૩ એ ન્યુમાં બપોર સુધી જનસંપર્ક કર્યો હતો તેમજ સેક્ટર-૪એ-બી, સેક્ટર ૫ અને ૫(બી) સહિતના વિસ્તારમાં સાંજે લોકસંપર્ક કરશે. સમગ્ર પ્રચાર અભિયાનમાં સંગઠનના હોદેદારો, અગ્રણીશ્રીઓ, ચૂંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ, શુભેચ્છકો, સમર્થકો મોટી સંખ્યામાં જોડાયા હતા.  સ્થાનિક રહીશોએ ઠેર ઠેર ભાજપના ઉમદેવાર શ્રીમતી રીટા પટેલનું ઉમળકાભેર સ્વાગત કરી સમર્થન પ્રદાન કર્યું હતું અને તેમના ભવ્ય વિજયનો આશીવાદ વ્યકત કર્યો હતો..

# વિક્લી માર્કેટ રિપોર્ટ

# ક્રૂડ તેલનો વાયદો બેરલદીઠ રૂ.૩૩૯ લપસ્યો: નેચરલ ગેસના ભાવમાં સુધારો

**સપ્તાહ દરમિયાન સોનાના વાયદાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩૪નો ઉછાળો: ચાંદીમાં કિલોદીઠ રૂ.૯૩૩ની નરમાઈ: ગોલ્ડ-ગિનીનો વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧,૨૨૬ વધ્યો: મેન્થા તેલ ઢીલુ: કોટનમાં વૃદ્ધિ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૪૧,૧૩૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨,૯૦,૩૧૯ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૪૬૮ કરોડનાં કામકાજ**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૧થી ૧૭ નવેમ્બરના સપ્તાહ દરમિયાન ૪૯,૩૭,૩૩૫ સોદાઓમાં કુલ રૂ.૪,૩૧,૯૧૮.૧૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૪૧,૧૩૧.૦૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨,૯૦,૩૧૮.૯૯ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં ૧૩,૭૫,૦૪૪ સોદાઓમાં કુલ રૂ.૬૮,૪૮૩.૫૧ કરોડનાં કામકાજ એમસીએક્સ પર થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૨,૦૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૩,૨૦૦ અને નીચામાં રૂ.૫૨,૦૫૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૩૪ વધી રૂ.૫૨,૮૪૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૨૨૬ વધી રૂ.૪૨,૩૫૦ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯૮ વધી રૂ.૫,૨૪૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૦૩૩ના ભાવે ખૂલી, રૂ.૬૬૫ વધી રૂ.૫૨,૬૯૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૨,૦૦૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૩,૦૪૫ અને નીચામાં રૂ.૬૦,૭૧૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૯૩૩ ઘટી રૂ.૬૦,૯૭૮ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૮૫૦ ઘટી રૂ.૬૧,૨૫૭ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૯૧૨ ઘટી રૂ.૬૧,૨૪૨ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૬૬,૪૧૭ સોદાઓમાં રૂ.૨૫,૫૧૪.૪૫ કરોડના વેપાર સપ્તાહ દરમિયાન થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૫.૮૦ વધી રૂ.૨૦૭.૪૫ અને જસત નવેમ્બર વાયદો રૂ.૭.૯૦ વધી રૂ.૨૬૮ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૪૫ ઘટી રૂ.૬૮૦.૯૦ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર ૬૧૯,૯૧૮ સોદાઓમાં કુલ રૂ.૪૬,૬૫૮.૮૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૭,૦૪૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૨૬૨ અને નીચામાં રૂ.૬,૬૬૬ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૩૩૯ ઘટી રૂ.૬,૬૯૨ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૭.૧૦ વધી રૂ.૫૨૭.૩૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫,૩૧૮ સોદાઓમાં રૂ.૪૭૪.૨૨ કરોડનાં કામકાજ સપ્તાહ દરમિયાન થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૭૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૩,૬૭૦ અને નીચામાં રૂ.૩૨,૩૪૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૦ વધી રૂ.૩૨,૭૭૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૩૦ ઘટી રૂ.૯૫૫.૬૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૪,૪૬૪.૯૯ કરોડનાં ૪૬,૩૧૯.૫૫૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૪૪,૦૧૮.૫૨ કરોડનાં ૭,૦૬૩.૨૭૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૬,૯૯૪.૭૦ કરોડનાં ૨૪,૨૩૧,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૯,૬૬૪ કરોડનાં ૫૮૭૯૭૨૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૪૫.૮૦ કરોડનાં ૧૩૭૧૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૮.૪૨ કરોડનાં ૨૯૪.૮૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૫૭૬.૩૪૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૩૨.૮૯૨ ટન, ક્રૂડ તેલમાં ૧૨૯૯૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૦૪૫૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૦૨૭૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૬૦.૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૪૬૮.૧૫ કરોડનાં ૬,૩૭૩ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૪,૫૬૫ના સ્તરે ખૂલી, ૧૦૩ પોઈન્ટ વધી ૧૪,૬૪૮ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૯૦,૩૧૮.૯૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬,૪૭૬.૧૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૬૦૨.૯૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૫,૫૨૩.૪૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૨,૭૦૮.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

એમસીએક્સના વાયદાઓની સાપ્તાહિક વધઘટ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | ખૂલી (રૂ.) | વધી (રૂ.) | ઘટી (રૂ.) | બંધ (રૂ.) | વધઘટ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|
| બુલડેક્સ | ૨૪-૧૧-૨૨ | ૧ યુનિટ | ૧૪૫૬૫ | ૧૪૮૨૮ | ૧૪૫૩૦ | ૧૪૬૪૮ | ૧૦૩ |
| ગોલ્ડ-ગિની | ૩૦-૧૧-૨૨ | ૮ ગ્રામ | ૪૧૧૪૩ | ૪૨૪૬૦ | ૪૧૧૦૦ | ૪૨૩૫૦ | ૧૨૨૬ |
| ગોલ્ડ-પેટલ | ૩૦-૧૧-૨૨ | ૧ ગ્રામ | ૫૧૪૮ | ૫૨૬૬ | ૫૧૪૩ | ૫૨૪૩ | ૯૮ |
| સોનું | ૦૫-૧૨-૨૨ | ૧૦ ગ્રામ | ૫૨૦૫૦ | ૫૩૨૦૦ | ૫૨૦૫૦ | ૫૨૮૪૩ | ૭૩૪ |
| સોનું-મિની | ૦૫-૧૨-૨૨ | ૧૦ ગ્રામ | ૫૨૦૩૩ | ૫૨૯૯૯ | ૫૨૦૦૨ | ૫૨૬૯૮ | ૬૬૫ |
| ચાંદી | ૦૫-૧૨-૨૨ | ૧ કિલો | ૬૨૦૦૫ | ૬૩૦૪૫ | ૬૦૭૧૨ | ૬૦૯૭૮ | -૯૩૩ |
| ચાંદી-માઈક્રો | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૬૨૨૮૮ | ૬૩૦૮૩ | ૬૧૦૨૪ | ૬૧૨૪૨ | -૯૧૨ |
| ચાંદી-મિની | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૬૨૨૦૫ | ૬૩૧૪૫ | ૬૧૦૨૪ | ૬૧૨૫૭ | -૮૫૦ |
| એલ્યુમિનિયમ | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૨૦૨.૭ | ૨૧૩.૭ | ૨૦૨.૫૫ | ૨૦૭.૪૫ | ૫.૮ |
| જસત | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૨૬૨.૫ | ૨૮૧.૬૫ | ૨૬૨.૫ | ૨૬૮.૩ | ૭.૯ |
| તાંબુ | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૬૯૨.૯૫ | ૭૦૭.૩ | ૬૮૦.૧ | ૬૮૦.૯ | -૫.૪૫ |
| નિકલ | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૨૪૯૬ | ૨૪૯૬ | ૨૪૯૬ | ૨૪૯૬ | ૯૬ |
| સીસું | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૧૮૧.૫ | ૧૮૭.૪૫ | ૧૮૧.૩૫ | ૧૮૨.૩ | ૧.૨ |
| ક્રૂડ તેલ | ૧૮-૧૧-૨૨ | ૧ બેરલ | ૭૦૪૩ | ૭૨૬૨ | ૬૬૬૬ | ૬૬૯૨ | -૩૩૯ |
| નેચરલ ગેસ | ૨૫-૧૧-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૪૯૪.૧ | ૫૩૩.૬ | ૪૬૮.૪ | ૫૨૭.૩ | ૩૭.૧ |
| કોટન | ૩૦-૧૧-૨૨ | ૧ ગાંસડી | ૩૨૭૫૦ | ૩૩૬૭૦ | ૩૨૩૪૦ | ૩૨૭૭૦ | ૪૦ |
| મેન્થા તેલ | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૯૬૨ | ૯૬૬ | ૯૫૦.૨ | ૯૫૫.૬ | -૫.૩ |

સપ્તાહના ટોપ-૧૦ ગેઈનર્સ વાયદા કોન્ટ્રેક્ટ્સ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | બંધ (રૂ.) | આગલો બંધ (રૂ.) | વધઘટ (રૂ.) | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|---|
| નેચરલ ગેસ | ૨૫-૧૧-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૫૨૭.૩ | ૪૯૦.૨ | ૩૭.૧ | ૭.૫૭ |
| નેચરલ ગેસ | ૨૭-૧૨-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૫૫૮.૧ | ૫૨૧.૭ | ૩૬.૪ | ૬.૯૮ |
| નેચરલ ગેસ | ૨૫-૦૧-૨૩ | ૧ એમએમબીટીયૂ | ૫૩૯.૩ | ૫૦૮.૧ | ૩૧.૨ | ૬.૧૪ |
| નિકલ | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૨૪૯૬ | ૨૪૦૦ | ૯૬ | ૪ |
| જસત | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૨૭૧ | ૨૬૧.૬૫ | ૯.૩૫ | ૩.૫૭ |
| જસત | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૨૬૮.૩ | ૨૬૦.૪ | ૭.૯ | ૩.૦૩ |
| ગોલ્ડ-ગિની | ૩૦-૧૧-૨૨ | ૮ ગ્રામ | ૪૨૩૫૦ | ૪૧૧૨૪ | ૧૨૨૬ | ૨.૯૮ |
| એલ્યુમિનિયમ | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૨૦૯.૩ | ૨૦૩.૩૫ | ૫.૯૫ | ૨.૯૩ |
| એલ્યુમિનિયમ | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૨૦૭.૪૫ | ૨૦૧.૬૫ | ૫.૮ | ૨.૮૮ |
| ગોલ્ડ-ગિની | ૩૦-૧૨-૨૨ | ૮ ગ્રામ | ૪૨૩૬૪ | ૪૧૩૩૮ | ૧૦૨૬ | ૨.૪૮ |

સપ્તાહના ટોપ-૧૦ લૂઝર્સ વાયદા કોન્ટ્રેક્ટ્સ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | બંધ (રૂ.) | આગલો બંધ (રૂ.) | વધઘટ (રૂ.) | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|---|
| ક્રૂડ તેલ | ૧૮-૧૧-૨૨ | ૧ બેરલ | ૬૬૯૨ | ૭૦૩૧ | -૩૩૯ | -૪.૮૨ |
| ક્રૂડ તેલ | ૧૯-૧૨-૨૨ | ૧ બેરલ | ૬૭૨૦ | ૬૯૯૯ | -૨૭૯ | -૩.૯૯ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૧-૨૩ | ૧ બેરલ | ૬૭૩૪ | ૬૯૩૮ | -૨૦૪ | -૨.૯૪ |
| ચાંદી | ૦૫-૧૨-૨૨ | ૧ કિલો | ૬૦૯૭૮ | ૬૧૯૧૧ | -૯૩૩ | -૧.૫૧ |
| ચાંદી-મિની | ૩૦-૦૬-૨૩ | ૧ કિલો | ૬૪૩૬૨ | ૬૫૩૩૭ | -૯૭૫ | -૧.૪૯ |
| ચાંદી-માઈક્રો | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૬૧૨૪૨ | ૬૨૧૫૪ | -૯૧૨ | -૧.૪૭ |
| ચાંદી-મિની | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૬૧૨૫૭ | ૬૨૧૦૭ | -૮૫૦ | -૧.૩૭ |
| ચાંદી | ૦૩-૦૩-૨૩ | ૧ કિલો | ૬૨૪૧૦ | ૬૩૨૭૧ | -૮૬૧ | -૧.૩૬ |
| ચાંદી-મિની | ૨૮-૦૨-૨૩ | ૧ કિલો | ૬૨૬૬૯ | ૬૩૪૬૨ | -૭૯૩ | -૧.૨૫ |
| ચાંદી | ૦૫-૦૫-૨૩ | ૧ કિલો | ૬૩૨૦૫ | ૬૪૦૦૦ | -૭૯૫ | -૧.૨૪ |

# અમદાવાદ શહેર - જિલ્લામાં ૮૦ વર્ષથી વધુ વયના ૧,૩૦,૮૯૩ મતદારો

# ૮૦ થી ૮૯ વર્ષ વય જૂથના ૧,૧૦,૯૪૯ મતદારો , ૯૦ થી ૯૯ વય જૂથના ૧૮,૪૪૪ અને ૧૦૦થી વધુ વર્ષ વય જૂથના ૧૫૦૦ મતદારો

### ૧૦૦ થી વધુ વય જૂથના સૌથી વધુ ૨૧૮ મતદારો એલીસબ્રીજમાં – સૌથી ઓછા ૩૬ નિકોલ વિધાનસભા વિસ્તારનાં

ગુજરાત વિધાનસભાની સામન્યચુટણીઓ આગામી માસમાં યોજાનાર છે. વધુમાં વધુ મતદાન થાય તે માટે ચુંટણી તંત્ર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરાયા છે

અમદવાદ જિલ્લામાં પણ જિલ્લા કલેક્ટર અને ચુંટણી અધિકારી ડો. ધવલ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ અવસર રથ, મતદાન જાગૃતિ ઝુંબેશ, દિવ્યાંગ તથા ૮૦ વર્ષથી વધુ વય જૂથના મતદારો માટે પોસ્ટલ બેલેટ જેવી સુવિધાઓ હાથ ધરાઈ છે. અમદાવાદ શહેર-જિલ્લામાં ૮૦ થી વધુ વયના કુલ ૧,૩૦,૮૯૩ મતદારો છે.

૮૦ થી ૮૯ વર્ષ વય જૂથના ૧,૧૦,૯૪૯ મતદારો , ૯૦ થી ૯૯ વય જૂથના ૧૮,૪૪૪ અને ૧૦૦થી વધુ વર્ષ વય જૂથના ૧૫૦૦ મતદારોનો સમાવેશ થાય છે. ૧૦૦ થી વધુ વય જૂથના સૌથી વધુ ૨૧૮ મતદારો એલીસબ્રીજમાં –સૌથી ઓછા ૩૬ નિકોલ વિધાનસભા વિસ્તારમાં છે. સમગ્ર શહેર-જિલ્લાની વિગતો જોઈએ તો ૧૦૦ થી વધુ વય જૂથના સૌથી વધુ મતદારોમાં એલીસબ્રીજ પછી અનુક્રમે નારણપુરામાં ૧૨૮, વેજલપુરમાં ૧૦૫ તથા ધંધુકામાં ૧૦૦ મતદારોનો સમાવેશ થાય છે.

આજ રીતે ૮૦ થી ૮૯ વર્ષ વય જૂથના સૌથી વધુ ૧૨,૦૫૧ મતદારો પણ એલીસબ્રીજ વિસ્તારમાં છે. ત્યાર પછીના ક્રમે ઘાટલોડીયામાં ૯,૩૫૦ મતદારો, વેજલપુરમાં ૮,૫૪૨, નારણપુરામાં ૭,૨૭૦ મતદારો છે.

૯૦ થી ૯૯ વય જૂથના સૌથી વધુ ૨,૯૮૪ મતદારો એલીસબ્રીજમાં છે ત્યાર પછીના ક્રમે આ વય જૂથના ૧,૫૫૭ મતદારો ઘાટલોડીયામાં, ૧,૩૯૭ મતદારો નારણપુરામાં અને ૧,૩૭૫ મતદારો વેજલપુરમાં છે.

૮૦ વર્ષથી ઉપરની વિવિધ વય જૂથમાં મતદારોની સંખ્યા નીચે મુજબ છે.

| વિધાનસભા નંબર | વિધાનસભા વિસ્તાર | ૮૦ થી ૮૯ વર્ષ વય જૂથ | ૯૦ થી ૯૯ વર્ષ વય જૂથ | ૧૦૦ વર્ષથી વય જૂથ |
|---|---|---|---|---|
| ૩૯ | વિરમગામ | ૬,૦૦૯ | ૮૨૭ | ૬૫ |
| ૪૦ | સાણંદ | ૪,૦૦૦ | ૫૯૭ | ૪૭ |
| ૪૧ | ઘાટલોડીયા | ૯,૩૫૦ | ૧,૫૫૭ | ૯૭ |
| ૪૨ | વેજલપુર | ૮,૫૪૨ | ૧,૩૭૫ | ૧૦૫ |
| ૪૩ | વટવા | ૩,૨૦૬ | ૩૮૯ | ૫૦ |
| ૪૪ | એલીસબ્રીજ | ૧૨,૦૫૧ | ૨,૯૮૪ | ૨૧૮ |
| ૪૫ | નારણપુરા | ૭,૨૭૦ | ૧,૩૯૭ | ૧૨૮ |
| ૪૬ | નિકોલ | ૨,૭૮૯ | ૩૦૧ | ૩૬ |
| ૪૭ | નરોડા | ૩,૯૯૬ | ૬૦૨ | ૬૧ |
| ૪૮ | ઠક્કરબાપા નગર | ૩,૪૮૪ | ૪૭૬ | ૩૯ |
| ૪૯ | બાપુનગર | ૩,૪૫૪ | ૫૧૦ | ૬૬ |
| ૫૦ | અમરાઈવાડી | ૪,૧૧૮ | ૫૪૮ | ૪૦ |
| ૫૧ | દરીયાપુર | ૪,૮૦૫ | ૮૧૩ | ૫૪ |
| ૫૨ | જમાલપુર-ખાડીયા | ૪,૨૪૯ | ૬૪૨ | ૪૯ |
| ૫૩ | મણીનગર | ૬,૩૦૩ | ૧,૦૭૩ | ૬૯ |
| ૫૪ | દાણીલીમડા | ૪,૩૧૫ | ૬૪૨ | ૪૩ |
| ૫૫ | સાબરમતી | ૫,૧૫૧ | ૮૦૧ | ૭૩ |
| ૫૬ | અસારવા | ૩,૮૮૮ | ૬૪૫ | ૫૮ |
| ૫૭ | દસક્રોઈ | ૪,૧૯૨ | ૬૦૮ | ૬૦ |
| ૫૮ | ધોળકા | ૩,૫૨૬ | ૪૬૨ | ૪૨ |
| ૫૯ | ધંધુકા | ૬,૨૫૧ | ૧,૧૯૫ | ૧૦૦ |
| | કુલ | ૧,૧૦,૯૪૯ | ૧૮,૪૪૪ | ૧૫૦૦ |

# અમદાવાદ જિલ્લાના તમામ નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજીને ઓબ્ઝર્વરશ્રીઓએ ચૂંટણીલક્ષી કામગીરીની સમીક્ષા કરી

### ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તેમજ ચૂંટણી દરમિયાન કાયદો વ્યવસ્થાની સુદૃઢ સ્થિતિ જળવાય તે દિશામાં કામગીરી હાથ ધરવા ઓબ્ઝર્વરશ્રીઓએ સૂચનો કર્યા

અમદાવાદ જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ નિષ્પક્ષ,સ્વતંત્ર અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે હેતુથી, ભારતીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી અંગેની સમગ્ર કાર્યવાહી પર દેખરેખ રાખવા ઓબ્ઝર્વરશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે. અમદાવાદમાં કલેકટર કચેરીના કૉન્ફરન્સ હૉલ ખાતે, ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા ઓબ્ઝર્વરશ્રીઓએ અમદાવાદ જિલ્લાની ચૂંટણીલક્ષી કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજી હતી.તેઓએ જિલ્લામાં થયેલી ચૂંટણી સંબંધિત સમગ્ર કામગીરીની ઝીણવટભરી માહિતી મેળવી, તમામ નોડલ અધિકારીશ્રીઓને સૂચનો પણ કર્યા હતા.

નિરીક્ષકશ્રીઓએ અમદાવાદ જિલ્લાની વિધાનસભાની તમામ ૨૧ બેઠકના મતદારોની પ્રોફાઈલ, પોલિંગ સ્ટેશનની વિગતો, જિલ્લામાં કાર્યરત ચેક પોસ્ટ, ઇ.વી.એમ તથા વીવીપેટની થયેલી ફાળવણી, ઈવીએમ સ્ટોરેજની વ્યવસ્થા, ઈવીએમ રૂટ તથા ઈવીએમ સંબંધિત સુરક્ષા વ્યવસ્થા, મતદાન મથકો ખાતે પોલીસ સ્ટાફની ફાળવણી, ચૂંટણી સ્ટાફની તાલીમ, ચૂંટણી અંગેના વાહનોની ફાળવણી, સ્ટ્રોંગ રૂમની વ્યવસ્થા, મતગણતરીની વ્યવસ્થા, મતદાન જાગૃતિ કાર્યક્રમો તથા કાયદો વ્યવસ્થાની સ્થિતિ વગેરે બાબતોની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ડૉ. ધવલ પટેલે જિલ્લામાં થયેલી ચૂંટણીલક્ષી પૂર્વતૈયારીઓની માહિતી પ્રેઝન્ટેશન રૂપે પ્રસ્તૂત કરી હતી.નિષ્પક્ષ, ન્યાયી અને મુક્ત રીતે ચૂંટણી સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમદાવાદ જિલ્લાની ૨૧ વિધાનસભા બેઠકો માટે ચૂંટણી સંબંધિત કામગીરી માટે ઓબ્ઝર્વરોની નિમણૂક કરવામાં આવી છે. ૩૯-વિરમગામબેઠક માટે શ્રી હરીકેશ મીના, ૪૦-સાણંદ બેઠક માટે શ્રી ડો. જગદીશ કે.જી., ૪૧-ઘાટલોડીયાબેઠક માટે શ્રી બીનીતા પેગુ,૪૨- વેજલપુર અને૪૪- એલીસબ્રીજ બેઠકો માટે શ્રી વિવેક પાન્ડે, ૪૩-વટવા બેઠક માટે શ્રી આકાંક્ષા રંજન, ૪૫-નારણપુરા અને ૫૫- સાબરમતી બેઠકો માટે શ્રી અશ્વિનીકુમાર, ૪૬-નિકોલ અને ૫૭- દસ્ક્રોઈ બેઠકો માટે શ્રી રાહુલ રંજન મહીવાલ, ૪૭- નરોડા અને ૪૮-ઠક્કરબાપાનગર બેઠકો માટે શ્રી ક્રિષ્ના વાજપેયી, ૪૯- બાપુનગર અને ૫૬- અસારવા બેઠકો માટે પ્રશાંત ભોલાનાથ નર્નવારે, ૫૩-મણીનગર માટે શ્રી આનંદ સ્વરૂપ, ૫૧- દરિયાપુર અને ૫૨-જમાલપુર-ખાડીયા બેઠકો માટે શ્રી વિનોદસિંહ, ગુંજયાલ, ૫૪-દાણીલીમડા બેઠક માટે શ્રી સી.આર.પ્રસન્ના, ૫૮-ધોળકા બેઠક માટે શ્રી ધર્મેન્દ્રસિંહ,૫૯- ધંધુકા બેઠક માટે શ્રી ઘનશ્યામ દાસ તો અમદાવાદ શહેરશ્રી નિલીકુમાર સુબ્રમણ્યમ તથા અમદાવાદ જિલ્લા માટેશ્રીસુમિત શર્માની નિરીક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ડૉ. ધવલ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ ધામેલિયા,પોલીસ અધિક્ષક શ્રી સંજય શ્રીવાસ્તવ, પોલીસ અધિક્ષક (અમદાવાદ રુરલ) શ્રી અમિત વસાવા સહિત જિલ્લામાં ચૂંટણી કામગીરી માટે નિમાયેલા તમામ નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજકોસ્ટ ધ્વારા સ્ટેમ ક્વીઝ ૨.૦ - ૨૦૨૨ નું રજીસ્ટ્રેશ શરુ કરવામાં આવ્યું













ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ ધ્વારા સ્ટેમ ક્વીઝ-૨.૦ નું આયોજન કરવામાં આવ્યું છે.જેનું ઉદ્ઘાટન શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગત વર્ષે યોજાયેલ સાયન્સ ટેકનોલોજી મેથ્સ અને એન્જીનીયરીંગ વિષયને આવરી લઈને યોજાયેલ સ્ટેમ ક્વીઝ૧.૦ માં ગાંધીનગર જીલ્લાના ૧૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશ કરાવીને ભાગ લીધો હતો. ગત વર્ષે ગાંધીનગર જીલ્લાના કુલ ૨૦ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેમાં એલિમિનેશન ટેસ્ટમાં કુલ ૮ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેમાંથી ૨ વિદ્યાર્થીઓ સ્ટેટ લેવલ સેકંડ રનર્સઅપ તરીકે પસંદગી પામ્યા હતા. સ્ટેટ લેવલ વિજેતા વિદ્યાર્થીઓને લેટેસ્ટ લેપટોપ આપવામાં આવ્યા હતા.જયારે ૧૮ વિદ્યાર્થીઓને લેટેસ્ટ ટેબ્લેટ આપવામાં આવ્યા હતા.તેમજ NSFU ખાતે બુટ કેમ્પ અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર,મુંબઈ જેવી ખ્યાતનામ સંસ્થાઓની મુલાકાતનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

STEM QUIZ 2.0 માં આ વર્ષે ૨ કરોડના ઈનામ વિજેતાઓને આપવામાં આવશે. ધોરણ ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ સ્ટેમ ક્વીઝમાં ભાગ લઈ શકે તે સારું જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા જીલ્લાની તમામ માધ્યમિક શાળાઓમાં પરિપત્ર કરી દેવામાં આવ્યો છે.જે વિદ્યાર્થીઓએ આ સ્ટેમ ક્વીઝમાં ભાગ લેવા માંગતા હોય અને જે વાલીઓ તેમના સંતાનોને આ મેગા ક્વીઝમાં ભાગ લેવડાવવા ઈચ્છતા હોય તેમને તેમની શાળાના આચાર્યશ્રી/ વિજ્ઞાન શિક્ષકશ્રી નો સંપર્ક કરવો રજીસ્ટ્રેશન તારીખ ૩૧/ ૧૨/ ૨૦૨૨ સુધી આ લીંક. https:// gujcost.co.in/ પર ઓનલાઈન કરી શકાશે. ગાંધીનગર જિલ્લામાંથી રસ ધરાવનાર શાળાઓ કે વિદ્યાર્થીઓ આ ક્વિઝ વિશે વધુ માહિતી મેળવવા માટે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ગાંધીનગરના શિવાંગભાઈ, મો.નં-૯૦૯૯૩૮૨૯૩૬ ઓફીસ નંબર ૯૪૨૬૬૩૫૨૧૫ નો સંપર્ક કરી શકશે.

# હિંદુત્વનિષ્ઠ સંગઠનોએ કરેલા વિરોધને યશ; હિંદુદ્વેષી હાસ્યકલાકાર

### વીર દાસ અને મુનવ્વર ફારૂકીના મુંબઈ ખાતેના કાર્યક્રમો રહિત !




હાલમાં જ મુંબઈમાં હિંદુદ્વેષી હાસ્યકલાકાર વીર દાસ અને મુનવ્વર ફારૂકીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બન્ને કાર્યક્રમોનો હિંદુ જનજાગૃતિ સમિતિ સહિત વિવિધ હિંદુત્વનિષ્ઠ સંગઠનો, તેમજ રાષ્ટ્રપ્રેમી નાગરિકોએ સંગઠિત રીતે વિરોધ કર્યો. પરિણામે વીર દાસ અને મુનવ્વર ફારૂકીને મુંબઈમાંથી ભાણાં-પોટલાં બાંધવા પડ્યા છે. હિંદુઓની ધાર્મિક ભાવનાઓનો આદર કરીને પોલીસ પ્રશાસને અને આયોજકોએ આ કાર્યક્રમ રહિત કર્યો હોવાની જાણકારી હિંદુ જનજાગૃતિ સમિતિને આપી છે, એવી માહિતી હિંદુ જનજાગૃતિ સમિતિના રાજ્ય સંગઠક શ્રી. સુનીલ ઘનવટે પ્રસિદ્ધિ માટે આપેલા પત્રકમાં આપી છે. શ્રી. સુનીલ ઘનવટે ઉમેર્યું કે, 'કૉમેડી'ના નામ હેઠળ નિરંતર હિંદુ દેવતા અને શ્રદ્ધાસ્થાનોની નિંદાનાલસ્તી કરવી, આને આજકાલ અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અને કલા સ્વાતંત્ર્ય કહેવામાં આવે છે. આ જ અભિવ્યક્તિ અને કલા સ્વાતંત્ર્યનો બુરખો ઓઢીને ખરુંજોતાં આ લોકોને હિંદુદ્વેષ ફેલાવવો હોય છે, એ જ દેખાઈ આવે છે. નિરાગસ વિનોદ કરીને સમાજને હસાવવો, આ ઓછું થઈને હિંદુ ધર્મમાંની પ્રથા-પરંપરા, હિંદુ સંસ્કૃતિ, ધાર્મિક કૃતિઓ, ધર્મગ્રંથ, દેવતા ઇત્યાદિનો 'કૉમેડી' માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અન્ય ધર્મીઓનાં શ્રદ્ધાસ?થાનો વિશે કોઈ જો વાંધાજનક વક્તવ?ય કરે, તો તેના પર તુરંત કાર્યવાહી થાય છે, 'સર તન સે જુદા'ની ધમકીઓ આપવામાં આવે છે; પણ હિંદુઓનાં શ્રદ્ધાસ્થાનોની કોઈપણ આવીને ટીખળ-કુચેષ્ટા કરે છે. હિંદુઓએ આ કેટલા દિવસ સહન કરવું ? હવે પછીથી હિંદુ સમાજ શ્રદ્ધાસ્થાનોનું અપમાન સહન કરશે નહીં. ૨૪ નવેમ્બરના દિવસે શીવ ખાતેના ષણ્મુખાનંદ સભાગૃહમાં વીર દાસનો કાર્યક્રમ, જ્યારે ૨૭ નવેમ્બરના દિવસે વાંદ્રે ખાતેના 'આર.ડી. નૅશનલ કૉલેજ'માં મુનવ્વર ફારૂકીનો કાર્યક્રમ થવાનો હતો. આ બન્ને કાર્યક્રમોનો હિંદુત્વનિષ્ઠોએ કાયદેસર માર્ગથી વિરોધ કર્યો. હિંદુ જનજાગૃતિ સમિતિ, શ્રી શિવકાર્ય પ્રતિષ્ઠાન, માનવ સેવા સંઘ ઇત્યાદિ હિંદુત્વનિષ્ઠ સંગઠનોના પ્રતિનિધિ અને રાષ?ટ્રપ્રેમી નાગરિકોએ વીર દાસના વિરોધમાં શીવ પોલીસ થાણું, મુંબઈ પોલીસ આયુક્ત, ગૃહમંત્રી અને મુખ્યમંત્રી પાસે ફરિયાદ કરી હતી. જ?યારે મુનવ્વર ફારૂકીના વિરોધમાં પણ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી ખાર ખાતેના પોલીસ થાણામાં ફરિયાદ કરવામાં આવી હતી.

આ સાથે જ બન્ને કાર્યક્રમસ્થળોએ હિંદુત્વનિષ્ઠોએ આયોજકોને મળીને તેમને કાર્યક્રમ રહિત કરવાની માગણી કરી હતી. જો કાર્યક્રમ રહિત કરવામાં ન આવે, તો હિંદુત્વનિષ્ઠોએ આંદોલનનો સંકેત પણ આપ્યો હતો. છેવટે આ બન્ને કાર્યક્રમો રહિત થયા છે. આવા હિંદુદ્વેષી પ્રવૃત્તિના કાર્યક્રમો હવે પછીથી થાય નહીં, એ દૃષ્ટિએ કાયદેસર માર્ગથી અમારો વિરોધ ચાલુ જ રહેશે. હિંદુ જનજાગૃતિ સમિતિએ આ માટે સહભાગી થયેલી સર્વ સંગઠનાઓ અને કાર્યકર્તાઓનો આભાર માન્યો, તેમજ ઈશ્વરચરણોમાં કૃતજ્ઞતા પણ વ્યક્ત કરી.

આપનો નમ્ર,
શ્રી. સુનીલ ઘનવટ,
રાજ્ય સંગઠક, હિંદુ જનજાગૃતિ સમિતિ,
મહારાષ્ટ્ર અને છત્તીસગઢ.
સંપર્ક : ૭૦૨૦૩૮૩૨૬૪

# આચાર્ય લોકેશજી , કેન્દ્રીય મંત્રી સોનોવાલજી નેચરોપેથી દિવસની ઉજવણીનું ઉદ્ઘાટન કર્યું

### ૧૦૦૦ નેચરોપેથી આરોગ્ય અને કાઉન્સેલિંગ કેમ્પ અભિયાનની શરૂઆત - પદ્મ શ્રી જયપ્રકાશ અગ્રવાલજી




વિશ્વ શાંતિ દૂત આચાર્ય ડૉ. લોકેશજી, કેન્દ્રીય આયુષ મંત્રી સર્બાનંદ સોનોવાલજી અને પદ્મ જયપ્રકાશજી એ દિલ્હીમાં ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે નેચરોપેથી દિવસની ઉજવણીનું ઉદ્ઘાટન કર્યું. આયુષ મંત્રાલય, સૂર્ય ફાઉન્ડેશન અને ઈન્ટરનેશનલ નેચરોપેથી ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજિત પાંચમા નેશનલ નેચરોપેથી ડેમાં ૭૦૦ થી વધુ ડોકટરો, યોગાચાર્યો અને આયુર્વેદચાર્યોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ૧૦૦૦ નેચરોપેથી હેલ્થ એન્ડ કાઉન્સેલિંગ કેમ્પ અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ તેમના લેખિત સંદેશમાં જણાવ્યું હતું કે, નિસર્ગોપચાર એ એક અનોખી પ્રણાલી છે જેમાં વ્યક્તિમાં શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક જીવનના સર્જનાત્મક સિદ્ધાંતો સાથે સંવાદિતા સર્જાય છે. તેમાં સ્વાસ્થ્ય પ્રમોશન, રોગ નિવારણ અને ઉપચારાત્મક તેમજ પુન:સ્થાપન લાભોની અપાર સંભાવનાઓ છે.

આ પ્રસંગે સંબોધતા અહિંસા વિશ્વ ભારતીના સંસ્થાપક પ્રસિદ્ધ જૈનાચાર્ય ડો.લોકેશજીએ જણાવ્યું હતું કે, સ્વસ્થ જીવન માટે સંયમિત અને શિસ્તબદ્ધ દિનચર્યા હોવી જરૂરી છે. તેમણે કહ્યું કે માટી, પાણી, સૂર્યપ્રકાશ, હવાથી તમામ રોગોને દૂર કરવા જોઈએ, નિસર્ગોપચાર અપનાવીને જીવનને સુખી બનાવવું જોઈએ. તેમણે કહ્યું કે, કોરોના પછી સમગ્ર વિશ્વમાં યોગ, આયુર્વેદ, નેચરોપેથી, વેલનેસના વિવિધ આયામો તરફ લોકોનું આકર્ષણ વધ્યું છે.

કેન્દ્રીય આયુષ મંત્રી સર્બાનંદ સોનોવાલજીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ૧૮ નવેમ્બર ૧૯૪૬ના રોજ પુણેમાં અખિલ ભારતીય નેચર ક્યોર ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપના કરી હતી જેથી કરીને દરેક ઘર અને ગામડામાં નેચરોપેથીના જ્ઞાન અને ફાયદાઓ પહોંચાડવામાં આવે. જેનો મુખ્ય હેતુ નેચરોપેથીનો પ્રચાર અને નેચરોપેથી યુનિવર્સિટીની સ્થાપના કરવાનો હતો. એટલા માટે આયુષ મંત્રાલયે રાષ્ટ્રીય પ્રાકૃતિક ચિકિત્સા દિવસની જાહેરાત કરી છે જેથી કરીને લોકોને કુદરતી દવાઓનો લાભ મળી શકે.

સૂર્યા ફાઉન્ડેશન અને INOના સ્થાપક પદ્મશ્રી જયપ્રકાશજીએ જણાવ્યું હતું કે યોગ નિસર્ગોપચારથી વિદ્યાર્થીઓમાં શારીરિક વિકાસની સાથે માનસિક અને આધ્યાત્મિક જ્ઞાનનો વિકાસ થાય છે. તેમનામાં શિસ્ત અને માનસિક પ્રવૃત્તિ વધે છે, જેના કારણે વિદ્યાર્થીઓની એકાગ્રતા વધે છે અને સર્જનાત્મક પ્રેરણા મળે છે. કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મહેમાનો દ્વારા નેચરોપેથી ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર મહાનુભાવોનું રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યું હતું.ૈંર્દ્ગંના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.અનંત બિરાદરજીએ મુખ્યત્વે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને ઉપસ્થિત તમામ મહેમાનોનો આભાર અને સ્વાગત કર્યું હતું. આ સમારોહમાં મોરારજી દેસાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગના ડાયરેક્ટર ડૉ. ઈશ્વર બસવરેડ્ડીજી , આયુષના ડિરેક્ટર વિક્રમજીત સિંહજી સહિત મોટી સંખ્યામાં પ્રતિષ્ઠિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં આભારવિધિ અને રાષ્ટ્રગીત સાથે સમારોહનું સમપાન કરવામાં આવ્યું હતું.

# ડેડિયાપાડામાં ઢોલ નગારા વગાડીને ચૂંટણીનો વિરોધ કર્યો , કામ નહીં તો મત નહીં કહીને મતદારોએ મિજાજ બતાવ્યો

ડેડીયાપાડા,તા.૧૯

વિધાનસભાની ચૂંટણી આવે ત્યારે મતદારો પણ જાગૃત બની જતા હોય છે. ડેડીયાપાડા વિધાનસભાની બેઠક માટે ડેડીયાપાડા તાલુકાના સમોટ ગામના ગ્રામજનોએ પોતાના ગામનો પ્રશ્ન નહીં ઉકેલાતા ચૂંટણી બહિષ્કારની ચીમકી આપતાં ઉમેદવારોમાં ફફડાટ ફેલાયો છે. એક વાર નેતા જીતી જાય પછી મત વિસ્તારમાંથી ગાયબ થઈ જાય છે અને પોતાના ગામ કે વિસ્તારમાંના પ્રશ્નો ૫ વર્ષ સુધી કોઈ ઉકેલતું નથી. જયારે ચૂંટણી આવે છે, ત્યારે ઠાલાં વચનો આપીને ફરી જતા ઉમેદવારો મત લેવા આવે ત્યારે હવે મતદારો પણ ઉમેદવારોને રોકડી ના પરખાવી રહ્યા છે.આવનારી વિધાનસભાની ચૂંટણીમાં સામોટ ગામમાં ગ્રામજનોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.